Responsible Jewellery Council

Responsible Jewellery Council

આચાર સંહિતા

નવેમ્બર 2013

દસ્તાવજે સંદર્ભ: S001_2013 – આરજેસી આચાર સંહિતા - ગુજરાતી અનુવાદ

ભાષાંતર: LanguageNoBar

પ્રુફ રીડ: LanguageNoBar

તારીખ: ડિસેમ્બર 2013

આરજેસી પ્રમાણીકરણ પ્રણાલીની સત્તાવાર ભાષા અંગ્રેજી છે. સંસ્કરણોની વચ્ચે અસંગતતાના કિસ્સામાં, સંદર્ભ મૂળભૂત સત્તાવાર ભાષાના સંસ્કરણ મુજબ કરવો જોઇએ. સત્તાવાર ભાષાના સંસ્કરણ માટે કૃપા કરી www.responsiblejewellery.com નો સંદર્ભ લો.

Document Reference: S001_2013 – RJC Code of Practices – Gujarati Translation

Translated by: LanguageNoBar

Proof Read by: LanguageNoBar

Date Released: December 2013

The official language of the RJC Certification system is English. In the case of inconsistency between versions, reference should default to the official language version. Please refer to www.responsiblejewellery.com for the official languageversion.

રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ
રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ **(આરજેસી)** નોન-પ્રોફિટ સંસ્થા છે, જેની સ્થાપના 2005માં કરવામાં આવી હતી.

અમારો દૃષ્ટિકોણ વૈશ્વિક સ્તરે ઉચ્ચ કક્ષાના ઝવેરાત અને ઘડિયાળ ઉદ્યોગમાં વિશ્વાસને પ્રોત્સાહિત કરે એવી એક જવાબદાર વિશ્વ-વ્યાપી પૂરવઠા શ્રૃંખલાની રચના કરવાનો છે.

આ માનક વિશે
આ માનક હીરા અને/અથવા સ્વર્ણ અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઝવેરાતની પુરવઠા શૃંખલામાં તમામ આરજેસી સભ્યોને લાગુ પડતી, જવાબદાર નૈતિક, માનવ અધિકારો, સામાજિક અને પર્યાવરણીય પદ્ધતિઓને વ્યાખ્યાયિત કરે છે.

આ એક "જીવંત દસ્તાવેજ" છે અને આરજેસી આ માનકોને અમલીકરણના અનુભવો અને ઉભરતી સારી પદ્ધતિઓ પર આધારિત પુનરાવર્તનના આરક્ષિત હક્ક ધરાવે છે. આરજેસીની વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવેલી આવૃત્તિ અન્ય બધી જ આવૃત્તિનું સ્થાન ધારણ કરે છે. આ દસ્તાવેજ હાલનો છે કે કેમ તે ચકાસવા માટે, કૃપા કરી મુલાકાત લો:

www.responsiblejewellery.com

જાહેર ઇનકાર
માનક અને અન્ય દસ્તાવેજો અથવા માનકમાં ઉલેલ્ખ કરાયેલી માહિતીના સ્રોતોની ચોકસાઈ અથવા સંપૂર્ણતા માટેની કોઈ ગેરંટી, વૉરંટી કે પ્રતિનિધિત્વ કરવામાં આવતું નથી. આ માનક સાથેના અનુપાલનનો ઇરાદો કોઈ પણ લાગુ થવા પાત્ર રાષ્ટ્રીય, રાજ્ય અથવા સ્થાનિક સરકારી નિયમો, નિયમનો, વટહુકમોની જરૂરિયાતો અથવા અહીં સામેલ કરેલી બાબતો સંબંધી જરૂરિયાતોને ન તો તેને બદલવાનો, ઉલ્લંઘન કરવાનો અથવા અન્ય રીતે તેને પરિવર્તિત કરવાનો નથી.

કૃપા કરી નોંધ લેશો કે આ માનક માત્ર સામાન્ય માર્ગદર્શન આપે છે અને તેને અહીં સામેલ કરેલી વિષય બાબત અંગે સંપૂર્ણ અને અધિકૃત નિવેદન તરીકે માનવું જોઇએ નહીં.

બિન-સભ્યો દ્વારા માનક સાથેના અનુપાલનો સંપૂર્ણત: સ્વૈચ્છિક છે અને તે આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ કોઈ કાનૂની રીતે લાગુ કરી શકાય તેવી જવાબદારી અથવા અધિકારોની રચના, સ્થાપના, અથવા તેને સ્વીકારવાનો કોઈ ઈરાદો ધરાવતા નથી. આ માનક આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ પર કાનૂની રીતે લાગુ કરી શકાય તેવી કોઇ જવાબદારીની રચના, સ્થાપના કે સ્વીકાર બિન-સભ્યોને કરી બતાવતી નથી. બિન-સભ્યોને આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ આ માનકનું અનુપાલન કરવામાં નિષ્ફળ જવા બદલ કાનૂની પગલાં લેવાનું કોઈ કારણ નથી.

પૂછપરછ અથવા પ્રતિક્રિયા
આરજેસી આ માનક પરની પૂછપરછો અને પ્રતિભાવને આવકારે છે:

ઈમેઇલ: info@responsiblejewellery.com
ટેલીફોન સંપર્કો: http://www.responsiblejewellery.com/contact-us/

રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ એ ઈંગ્લેન્ડ અને વેલ્સ ખાતે નોંધાયેલી અને 05449042 નંબર ધરાવતી કાઉન્સિલ ફોર રિસ્પોન્સિબલ જ્વેલરી પ્રેક્ટીસીસ લિમિટેડનું વ્યાવસાયિક નામ છે.

A. બેકગ્રાઉન્ડ (પૂર્વભૂમિકા)

રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) એક નોન-પ્રોફિટ સંસ્થા છે, જેની સ્થાપના જવાબદાર નૈતિક, સામાજિક અને પર્યાવરણીય પદ્ધતિઓને પ્રોત્સાહન પુરું પાડવા માટે કરવામાં આવી છે, જે હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓની ખાણથી લઈને છૂટક વિતરણ સુધીની સમગ્ર પુરવઠા શૃંખલામાં, માનવ અધિકારોનું સન્માન કરે છે. 2012માં, આરજેસી સાતત્યપૂર્ણ માનકો માટેના વૈશ્વિક સંગઠન આઇએસઈએલ અલાયન્ઝ, નું સંપૂર્ણ સદસ્ય બન્યું હતું.

આરજેસીની પ્રમાણીકરણ પ્રક્રિયા આરજેસી સભ્યોની વ્યવસ્થાપન પ્રણાલીઓ અને કારોબાર રીતભાતોમાં સુધારામાં પરિણમી છે, જે તેમના પોતાના સામાજિક અને પર્યાવરણીય કાર્યદેખાવમાં સુધારા તરફ લઈ જાય છે, અને હિસ્સેદારોને એ વાતની ખાતરી પૂરી પાડે છે કે જવાબદાર કારોબારી પદ્ધતિઓ અનુસરવામાં આવે છે. આ પરિણામો સર્વસામાન્ય રીતે ઝવેરાત પુરવઠા શૃંખલા અંદર જોવા મળતી સામાજિક, માનવ અધિકારો, નૈતિકતા અને પર્યાવરણીય પરિસ્થિતિઓ પર લાભકારી અસર ધરાવશે, જે કામદારો, સમુદાયો, કારોબારના ભાગીદારો, પર્યાવરણ અને વ્યાપક હિસ્સેદારો માટે હકારાત્મક અસરો પૂરી પાડશે. આ અસરો આરજેસીના પ્રમાણિત સભ્યોની સતત વૃદ્ધિ મારફતે વધતી રહેશે, જેને આરજેસી પ્રમાણીકરણના 'આદર્શ નમૂના' દ્વારા આધાર પૂરો પાડવામાં આવશે, જે અન્ય પુરવઠા શૃંખલાના સહભાગીઓને જવાબદાર પદ્ધતિઓનું નિદર્શન અને પ્રોત્સાહન આપશે.

પ્રશિક્ષણ અને માર્ગદર્શન દ્વારા, આરજેસી ઝવેરાત પુરવઠા શૃંખલામાં શક્ય તેટલા વધારે કારોબારોને વ્યવહાર સંહિતાની વિરૂદ્ધ પ્રમાણીકરણ હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરશે અને આધાર પૂરો પાડશે, પછી તે કારોબારો માટે પ્રમાણીકરણ પહેલાં ભલે ગમે તે પરિસ્થિતિઓ ઉદભવી હોય. આ અભિગમ તે તર્કને આધારે છે કે સાતત્યપૂર્ણ સુધારાને પ્રોત્સાહન આપતા આંતરરાષ્ટ્રીય માનકોની વ્યાપક સ્વીકૃતી મારફતે ઝવેરાત પુરવઠા શૃંખલામાં સામાજિક, માનવ અધિકારો, નૈતિકતા અને પર્યાવરણીય પરિસ્થિતિઓમાં એકંદર હકારાત્મક પરિવર્તન માટે મહત્તમ તકો સાકાર કરી શકાય છે. ના વચન પર આધારિત છે. એટલા માટે વ્યવહાર સંહિતાની જરૂરિયાતોને મહત્તમ તરીકે નહીં પરંતુ ન્યૂનતમ ધોરણો તરીકે જોવા જોઇએ અને સભ્યોને સતત કાર્યદેખાવને સુધારવાના માર્ગો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

B. હેતુ

વ્યવહાર સંહિતા આરજેસીનું માનક છે જે હીરા, સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની ઝવેરાત શૃંખલામાં જવાબદાર નૈતિકતા, માનવ અધિકારો, સામાજિક, અને પર્યાવરણીય પદ્ધતિઓની વ્યાખ્યા કરે છે. વ્યવહાર સંહિતાનો હેતુ:

- આરજેસી સભ્યો માટે સામાન્ય ધોરણ પૂરાં પાડવાનો છે, જે જવાબદાર કારોબારી પદ્ધતિઓ માટેના આંતરરાષ્ટ્રીય ધોરણોની રચના કરે.
- સભ્યોના નિયંત્રણ હેઠળના પ્રશ્નોના સંચાલન માટે નીતિઓ, કાર્યવિધિઓ અને રીતભાતોની રચના, અમલ અને જાળવણી માટે ફરજિયાત અપેક્ષાઓ સ્થાપવી.
- એવી જોગવાઇઓની સ્થાપના કરવી જેને આરજેસી પ્રમાણપત્ર આપવા તટસ્થ પુરાવા પૂરા પાડવા માટે સ્વતંત્રપણે અન્વેષિત (ઓડિટ) કરી શકાય.
- હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓની ઝવેરાત શૃંખલા માટેની કારોબારી પદ્ધતિઓના સુધારાને આગળ ધપાવવા.

C. કાર્યક્ષેત્ર

આરજેસીની વ્યવહાર સંહિતા એવા માનકો છે જે આરજેસી વાણિજ્યિક સભ્યોને લાગુ હોય, જેની સામે આરજેસી દ્વારા અધિકૃત ઓડિટરો (ઓડિટર્સ) દ્વારા સ્વતંત્ર ખરાઈ દ્વારા સભ્યોને પ્રમાણિત કરવામાં આવે છે. આરજેસી સભ્યો અને છેવટે સમગ્રપણે ઝવેરાત પુરવઠા શૃંખલા માટે વ્યવહાર સંહિતાનાં કાર્યક્ષેત્રની વ્યાખ્યા નીચેના મુખ્ય ઘટકો દ્વારા કરવામાં આવે છે:

- સામાન્ય જરૂરિયાતો: કારોબાર ભાગીદારોના કાનૂની અને નિયમનકારી અનુપાલન, અહેવાલ લેખન અને જવાબદાર કારોબારી પદ્ધતિઓના પ્રોત્સાહનમાં સુધારો કરવો

- જવાબદાર પુરવઠા શૃંખલા અને માનવ અધિકારો: માનવ અધિકારો, સમુદાયના વિકાસ, ભ્રષ્ટાચારા વિરોધી પ્રયાસો, અને સ્ત્રોતનાં જોખમોનાં સંચાલન માટે હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓના પુરવઠા શૃંખલામાં ઉદ્યમશીલતાના ઉપયોગમાં વધારો કરવો.

- શ્રમ અધિકારો અને કાર્ય સ્થિતિઓ: આંતરરાષ્ટ્રીય શ્રમ સંધિઓના અનુપાલન સ્તરમાં વધારો કરવો અને આભૂષણોની પુરવઠા શૃંખલામાં જવાબદાર કાર્ય સ્થિતિઓનું અમલીકરણ કરવું.

- આરોગ્ય, સલામતી અને પર્યાવરણ: આરોગ્ય, સલામતી અને પર્યાવરણ વ્યવસ્થાપન માટે જવાબદાર પદ્ધતિઓના અમલીકરણને સુનિશ્ચિત કરવું.

- સોના, હીરા અને પ્લેટિનમ જૂથની ધાતુનાં ઉત્પાદનો: હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓનાં ઉત્પાદનો વિશે, ગ્રાહકોને સહિત, માહિતી માટે ઉચિત સ્પષ્ટતા અને નિયંત્રણોનો ઉપયોગ સુનિશ્ચિત કરવો.

- જવાબદાર ખનન: ઝવેરાત ઉત્પાદનો માટે હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓના પુરવઠાના પ્રારંભ બિન્દુ તરીકે, વધારવા માટે જવાબદાર શોધ અને ખનન પદ્ધતિઓનો અમલ વધારવો

D. સ્થિતિ અને અસરકારક તારીખ

આ આરજેસી વ્યવહાર સંહિતાની 2013 ની આવૃત્તિ છે, જેને આરજેસી બૉર્ડ દ્વારા 12 નવેમ્બર 2013ના રોજ માન્યતા આપવામાં આવી હતી અને પ્રકાશનની તારીખથી લાગુ પડતા છે. બૉર્ડ દ્વારા પ્રથમ વ્યવહાર સંહિતાનો ઔપચારિક સ્વીકાર 2008માં કરવામાં આવ્યો હતો. વધારાના ખનન-નિર્દિષ્ટ માનકોને સામેલ કરવા માટે એક વિસ્તૃત્ત આવૃત્તિને આરજેસી બૉર્ડ દ્વારા 2009માં માન્ય કરવામાં આવી હતી. 2013ની આવૃત્તિ એ પ્રથમ ઔપચારિક પુનરાવર્તનનું પરિણામ છે, અને વિકસતા માનકો અને હિસ્સેદારોના પ્રતિભાવનો સમાવેશ કરે છે.

આરજેસીએ પ્રમાણીકરણની પ્રક્રિયામાં જતા આયોજન કાર્યને અને સભ્યની વ્યક્તિગત પ્રમાણીકરણની સમયમર્યાદાની સંભવિત અસરને સ્વીકારવા માટે વ્યવહાર સંહિતાની 2009ની આવૃત્તિ અને 2013ની આવૃત્તિ વચ્ચેના સંક્રમણના સમયગાળાને મંજૂરી આપી છે. 2009 ની વ્યવહાર સંહિતાની સામે તેમના પ્રમાણીકરણ સમયગાળાના બાકી રહેતા સમય માટે હજુ પણ અસરકારક રહેશે અને સમયગાળાની સમાપ્તિ સુધી પુન:પ્રમાણીકરણની જરૂર નહીં રહે.

તારીખ પ્રમાણે નવા પ્રમાણીકરણો અને પુન:પ્રમાણીકરણો	
1 જાન્યુઆરી 2014થી 31 ડીસેમ્બર, 2014	આરજેસી 2009 અથવા 2013ની વ્યવહાર સંહિતાની સામે નવા પ્રમાણીકરણો અને પુન:પ્રમાણીકરણો સ્વીકારશે. જે સભ્યો 1 જાન્યુઆરી, 2014 પછી જોડાયા હોય તેમણે માત્ર

	2013ની વ્યવહાર સંહિતાનો જ ઉપયોગ કરવો જોઇએ. પ્રત્યેક સભ્યનાં પ્રમાણીકરણ માટે ઉપયોગમાં લેવાયેલી સીઓપી આવૃત્તિની આરજેસીની વેબસાઇટ પર નોંધ લેવામાં આવશે.
1 જાન્યુઆરી, **2015** થી	આરજેસી માત્ર 2013 ની વ્યવહાર સંહિતાનાની સામે નવા પ્રમાણીકરણો અને પુન:પ્રમાણીકરણો સ્વીકારશે.

E. માનકોનો વિકાસ

આ માનકના વિકાસને હિસ્સેદારોની ઔપચારિક અને પારદર્શી પરામર્શ પ્રક્રિયાઓ અને જાહેર ટિપ્પણીના સમયગાળાઓ દ્વારા, આરજેસીના બહુવિધ-હિસ્સેદાર માનકોની સમિતિ દ્વારા દેખરેખ નિર્ણાયક માનક પરની સર્વસંમતિ સાથે વ્યક્ત કરવામાં આવ્યો છે. આરજેસી આ માનકમાં પોતાનું યોગદાન આપ્યું હોય એવી ઘણી વ્યક્તિઓ અને સંગઠનોના સમય, તજજ્ઞતા અને મૂલ્યવાન નિવેશ માટે હૃદયપૂર્વક આભારી છે. આરજેસી સામાજિક અને પર્યાવરણીય માનકો (P005_2010)ના સુયોજન માટે આઇએસઈએએલની સારી વ્યવહાર સંહિતા સાથે અનુકૂલન સ્થાપીને માનકોના વિકાસના કાર્યને હાથ ધરે છે. આરજેસીના માનકોની વિકાસ પ્રક્રિયાઓ પરની વધુ માહિતી નીચેના સ્થળ પરથી મેળવી શકાય છે: www.responsiblejewellery.com/standards-development/

માનકોની એકસૂત્રતા એ આરજેસીનો મુખ્ય ઉદ્દેશ્ય છે. વ્યવહાર સંહિતાના વિકાસમાં સંદર્ભિત સંબંધિત પહેલોનો સંદર્ભ આ દસ્તાવેજના અંતમાં અને માનકોના માર્ગદર્શનમાં આપવામાં આવ્યો છે.

F. અનુપ્રયોગ

આરજેસીના વાણિજ્યિક સભ્યો માટે જરૂરી છે કે તેઓ પોતાના કારોબારોનું સંચાલન વ્યવહાર સંહિતા મુજબ કરે. બિન-આરજેસી સભ્યો દ્વારા વ્યવહાર સંહિતાનો અનુપ્રયોગ સ્વૈચ્છિક છે.

વ્યવહાર સંહિતાની સંરચના નીચેની તમામ પ્રકારોની સુવિધાઓ અને કારોબારી પ્રવૃત્તિઓના આંતરરાષ્ટ્રીય અનુપ્રયોગ માટે કરવામાં આવી છે:

- *સંશોધન અને ખનન*
  - હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનું સંશોધન અને/અથવા વિકાસ
  - હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનું ખનન
- *હીરાની પુરવઠા શૃંખલા*
  - કૃત્રિમ, અથવા પ્રયોગશાળામાં બનાવવામાં આવતાં હીરાઓનું ઉત્પાદન;
  - હીરાની લે-વેચ અને જથ્થાબંધ વેચાણ;
  - હીરાનું કટિંગ અને પોલિશિંગ;
- *કિંમતી ધાતુઓની પુરવઠા શૃંખલા*
  - સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનું શુદ્ધિકરણ અને એલોયિંગ;
  - સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનો વેપાર અથવા નુકશાન નિવારણ;
- *ઝવેરાત ઉત્પાદન*

- હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનું ઉત્પાદન અને/અથવા જથ્થાબંધ વેપાર;
- *ઝવેરાતનું છૂટક વેચાણ*
    - હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનું ઇંટરનેટનો ઉપયોગ કરીને વેચાણ સહિત છૂટક વેચાણ;
- *સેવા ઉદ્યોગો*
    - હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના સેવા ઉદ્યોગો, જેમ કે રત્નજ્ઞાનકરણ પ્રયોગશાળાઓ, પરીખો અને સુરક્ષિત પરિવહન ઉપલબ્ધકર્તાઓ.

આરજેસીનું સભ્યપદ પરામર્શકારો, સલાહકારો અને ઓડિટરો માટે મુક્ત નથી, અને વ્યવહાર સંહિતાના અનુપ્રયોગનો અવકાશ આ પ્રવૃત્તિઓને સામેલ કરતી નથી.

વ્યવહાર સંહિતામાં જોગવાઇઓનાં અમલીકરણ માટે તટસ્થ પુરાવાઓ તરીકે ઉપયોગમાં લેવાયેલા રેકોર્ડ્સને ઓછામાં ઓછાં 3 વર્ષ માટે રાખવાના રહેશે (મહત્તમ પ્રમાણીકરણ સમયગાળો) અથવા લાગુ પડતા કાયદા દ્વારા જરૂરી હોય તે મુજબ લાંબા સમય સુધી રાખવા પડશે. એ નોંધ લેશો કે પ્રથમ પ્રમાણીકરણ ઓડિટ, રેકોર્ડ્સ અને ગત 12 મહિનાઓના પુરાવાની જરૂર પડશે. વ્યવહાર સંહિતાની જરૂરિયાત વર્તમાન કારોબારી પદ્ધતિઓ સાથે સંબંધ ધરાવે છે અને પાછલી તારીખથી લાગુ પડતી નથી.

G. પ્રમાણીકરણનો અવકાશ

કારોબારના કયા ભાગો આરજેસીની સાથે સભ્ય તરીકે જોડાશે અને પ્રમાણીકરણ મેળવશે તે અંગેની પસંદગી વ્યક્તિગત કારોબારી નિર્ણય છે. જો કે, એક વખત સભ્ય તરીકે જોડાઈ ગયા પછી, આરજેસી સ્પષ્ટ નિયમો ધરાવે છે કે દરેક સભ્યના પ્રમાણીકરણ અવકાશમાં તેઓ માલિકી ધરાવે છે તે અથવા તેમના નિયંત્રણમાં હોય તે તમામ; અને જે હીરા અને/અથવા સોના અને/અથવા પ્લેટિનમ જૂથ ધાતુઓના આભૂષણોની પુરવઠા શૃંખલામાં સક્રિયપણે યોગદાન આપે છે તે બધી જ સુવિધાઓનો સમાવેશ **થવો જ જોઇએ**. સભ્યોના પ્રમાણીકરણ અવકાશ માટેના આરજેસીના નિયમો પરના વધારાના માર્ગદર્શનને આરજેસી આકારણી માર્ગદર્શિકામાં સમાવવામાં આવ્યા છે.
પ્રમાણીકરણ આપતા પહેલા, દરેક સભ્યના પ્રમાણીકરણ અવકાશની ઓડિટરો દ્વારા સમીક્ષા કરવામાં આવે છે, ઓડિટ અહેવાલમાં દસ્તાવેજીકરણ કરવામાં આવે છે અને આરજેસી દ્વારા તપાસવામાં આવે છે. દરેક સભ્યના પ્રમાણીકરણ અવકાશને ત્યારબાદ આરજેસીની વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવે છે. હિસ્સેદારો જો એવું માનતા હોય કે તેમની ઉપેક્ષા કરવામાં આવે છે અથવા તેમની ખોટી રીતે રજૂઆત કરવામાં છે તો તેમને આરજેસીનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ચિંતાઓની તપાસ માટે આરજેસી ફરિયાદોની કાર્યપ્રણાલીનો ઉપયોગ કરશે (વધુ માહિતી માટે વિભાગ L જુઓ).

H. પ્રમાણીકરણનાં પગલાં

આરજેસી સભ્યના પ્રમાણીકરણ માટેનાં પગલાં નીચે મુજબ છે:

- સભ્ય સ્વતંત્ર ત્રાહિત પક્ષ દ્વારા ઓડિટની તૈયારી માટે, વ્યવહાર સંહિતાને સુસંગત એક સ્વ-મૂલ્યાંકન હાથ ધરાશે.
- સભ્ય એક આરજેસી અધિકૃત ઓડિટર પાસેથી પ્રમાણીકરણ ઓડિટની વિનંતી કરે છે. અધિકૃત ઓડિટરો ISO17011ને સુસંગત આંતરિક વ્યવસ્થા ધરાવતા હોવા જોઇએ, સંલગ્ન અનુભવ ધરાવતા હોવા જોઇએ અને તેમણે

આરજેસીની વ્યવહાર સંહિતા પર ફરજિયાત પ્રશિક્ષણ પૂર્ણ કરેલ હોવા જોઇએ.

- પ્રમાણીકરણ ઓડિટ દરમિયાન, ઓડિટર ખરાઈ કરશે કે સભ્ય વ્યવહાર સંહિતાની પુષ્ટિ કરતી હોય તેવી પ્રણાલીઓ ધરાવે છે. બિન-અનુકૂલનની નોંધ કરવામાં આવશે અને સભ્યોને તેનું નિવારણ કરવાનું સૂચવવામાં આવશે. ગંભીર ભંગ સભ્ય માટે શિસ્તભંગની કાર્યવાહીમાં પરિણમશે.

- ઓડિટ અહેવાલના આધારે, આરજેસી સભ્યને 3 વર્ષ માટે (માત્ર ગૌણ બિન-અનુકૂલનો સાથે અથવા કોઈ જ નહિં) અથવા 1 વર્ષ માટે (કોઇપણ મુખ્ય બિન-અનુકૂલનો, ઓડિટર સાથે સંમતિ સાધવામાં આવેલ સુધારાત્મક કાર્ય યોજનાઓને આધિન) સભ્ય પ્રમાણીકરણ આપી શકે છે. સંપૂર્ણતા અને સ્પષ્ટતા માટે આરજેસી બધા જ ઓડિટ અહેવાલોની સમીક્ષા કરે છે અને જ્યાં જરૂર હોય ત્યાં પ્રમાણીકરણ આપતા પહેલાં ઓડિટરની સાથે અનુવર્તન (ફોલો-અપ) કરે છે.

- પ્રમાણીકરણના 1 વર્ષના સમય બાદ, સભ્ય પ્રમાણીકરણને રિન્યુ કરવા માટે સુધારાત્મક પગલાં દર્શાવતા માટે એક પુન:પ્રમાણીકરણ ઓડિટ જરૂરી છે.

- 3 વર્ષના પ્રમાણીકરણ સમયગાળા માટે, પ્રમાણીકરણ સમયગાળામાં પ્રણાલીઓ અસરકારક રીતે કામ કરી રહી છે કે કેમ તેની ખરાઈ કરવા માટે 12-24 મહિનાઓની અંદર પ્રમાણિત સભ્યની મધ્ય-સત્ર સમીક્ષા હાથ ધરવામાં આવે એ અંગે ઓડિટર નિર્ણય લઈ શકે છે. તે માટેના માપદંડ આરજેસી આકારણી માર્ગદર્શિકામાં આપવામાં આવ્યાં છે.

- 3 વર્ષના પ્રમાણીકરણ સમયગાળા પછી, સભ્ય પ્રમાણીકરણને રિન્યુ કરવા માટે અને પ્રક્રિયાના પુન:પ્રારંભ માટે એક પુન: પ્રમાણીકરણ ઓડિટ જરૂરી છે.

I. સહાયક દસ્તાવેજો

વ્યવહાર સંહિતાના અમલીકરણ અને પ્રમાણીકરણની પ્રક્રિયાને મદદરૂપ બનવા માટે નીચેના દસ્તાવેજો સહાયક માહિતી પૂરી પાડે છે:

- આરજેસી પ્રમાણીકરણ હેન્ડબુક (G001_2013) –આરજેસી સભ્ય પ્રમાણીકરણનું નિરીક્ષણ અને તેને હાંસલ કરવા માટેનાં જરૂરી પગલાં;

- માનકોનું માર્ગદર્શન (G002_2013) – વ્યવહાર સંહિતામાં આપવામાં આવેલ દરેક જોગવાઈ પર માર્ગદર્શન;

- આકારણી માર્ગદર્શિકા (T001_2013) – સ્વ-આકારણી (સભ્યો) અને પ્રમાણીકરણ અન્વેષણો (ઓડિટરો) કેવી રીતે પૂર્ણ કરવા તેના પર સભ્યો અને ઓડિટરો માટેની સૂચનાઓ.

- આકારણી કાર્યપુસ્તિકા (T003_2013) – સ્વ-આકારણી અને પ્રમાણીકરણ અન્વેષણો માટે ઉપયોગમાં લઈ શકાય એવી કાર્યપુસ્તિકા, જેમાં મૂલ્યાંકનના પ્રશ્નો અને એક્સેલ સ્પ્રેડશીટમાં તટસ્થ પુરાવાના ઉદાહરણો સામેલ હોય. જોખમની આકારણી અને માનવ અધિકારોની ઉદ્યમશીલતા માટેની અન્ય આધારભૂત ટુલકિટ્સ પણ ઉપલબ્ધ છે.

J. અસરોની માપણી

આરજેસીનો નિરીક્ષણ અને મૂલ્યાંકન (એમએન્ડઈ) કાર્યક્રમ આરજેસી પ્રમાણીકરણની અસરની આકારણી માટે તૈયાર કરવામાં આવ્યો છે. અસરો એ સામાજિક, પર્યાવરણીય અથવા આર્થિક પરિસ્થિતિમાં લાંબા ગાળાના ફેરફારો હોય છે, જે

આરજેસી વ્યવહાર સંહિતા જેવા માનક દ્વારા સંબોધાવા માગે છે. આરજેસીનો એમએન્ડઈ કાર્યક્રમ તે લાંબા ગાળાની અસરો પર કેવી રીતે યોગદાન આપે છે તે સમજવા માટે ટૂંકા અને લાંબા ગાળાના ફેરફારોને માપવાનું લક્ષ્ય ધરાવે છે. આ ક્ષેત્રે આરજેસીનું કાર્ય આઇએસઈએએલ અસરોની સંહિતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં છે. વાર્ષિક અસરોના અહેવાલના પ્રકાશનોની શરૂઆત 2014 થી કરવામાં આવશે અને આ કાર્યમાં આરજેસી તેનાં હિસ્સેદારની સામેલગીરી અને મંતવ્યો આવકારે છે.

K. સમીક્ષા

આ માનકો સુસંગત અને પ્રાપ્તિયોગ્ય છે અને તે ઉદ્યોગના કારોબારી ઉદ્દેશ્યોના સંદર્ભમાં મુખ્ય નૈતિકતાપૂર્ણ, સામાજિક અને પર્યાવરણીય પડકારોને સંબોધે છે તે સુનિશ્ચિત કરવા માટે આરજેસી હિસ્સેદારો અને સભ્યોની સાથે કાર્ય કરવાનું ચાલું રાખશે કે.

L. આરજેસી ફરિયાદ વ્યવસ્થા

આરજેસી ઓછામાં ઓછા દર પાંચ વર્ષે અથવા જ્યારે જરૂર પડે ત્યારે સિદ્ધાંતો અને વ્યવહાર સંહિતાની ઔપચારિક સમીક્ષા હાથ ધરે છે. સામાજિક અને પર્યાવરણીય માનકો ઘડવા માટે આઇએસઈએએલની સારી પદ્ધતિઓની સંહિતાને સુસંગત વ્યવહાર સંહિતાને અદ્યતન બનાવવામાં આવે છે. આરજેસી બૉર્ડ દ્વારા મંજૂરી બાદ સુધારાને ઔપચારિક રીતે પુનઃ જારી કરવામાં આવે છે.

આરજેસી પ્રમાણીકરણને સંભવિત બિન-સુસંગત અથવા આરજેસીની પોતાની કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓને લગતી ફરિયાદોનું ન્યાયી, સમયસર અને તટસ્થ ઉકેલ સુનિશ્ચિત કરવાનું આરજેસી લક્ષ્ય ધરાવે છે. આરજેસીની ફરિયાદો સંબંધી કાર્યપદ્ધતિને સહાયક સંપૂર્ણ દસ્તાવેજીકરણને અહિંથી ડાઉનલોડ કરી શકાય છે www.responsiblejewellery.com

મોટા અક્ષરોમાં આપવામાં આવેલા બધા જ સામાન્ય શબ્દો અને મીતાક્ષરોની વ્યાખ્યા આ દસ્તાવેજના અંતે શબ્દાવલીમાં આપવામાં આવી છે. ઓડિટયોગ્ય (ઓડિટ કરી શકાય એવી) જોગવાઈઓને નીચે ક્રમબદ્ધ કરવામાં આવી છે.

આરજેસી વ્યવહાર સંહિતા (સીઓપી)

સામાન્ય જરૂરિયાતો (જોગવાઈઓ 1-4)

1. કાનૂની પાલન

1.1 સભ્યો એવી પ્રણાલી ધરાવતા હશે જે લાગુ થવાપાત્ર કાયદાની સભાનતાની જાળવણી કરશે અને તેનું અનુપાલન સુનિશ્ચિત કરશે.

2. નીતિ અને અમલ

2.1 સભ્યો એવી નીતિ/ઓનો સ્વીકાર કરશે જે જવાબદાર કારોબારી પદ્ધતિઓ માટેની સભ્યની કટિબદ્ધતાને દસ્તાવેજીકરણ કરે છે, જેને વરિષ્ઠ વ્યવસ્થાપકમંડળનું સમર્થન પ્રાપ્ત છે, જેને કર્મચારીઓને સંચારિત કરવામાં આવશે અને તે જાહેરમાં ઉપલબ્ધ કરવામાં આવશે.

2.2 વરિષ્ઠ વ્યવસ્થાપકમંડળ, નીતિને હાંસલ કરવા માટે, અને કોઈ ચૂક રહી ગઈ હોય તો તેના નિવારણ માટે સુધારાઓના અમલીકરણમાં સભ્યોની કારોબારી પદ્ધતિઓની આકારણી માટે, ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે, સમીક્ષા હાથ ધરશે.

3. અહેવાલ લેખન

3.1 સભ્યો ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે હિસ્સેદારો સાથે આરજેસી વ્યવહાર સંહિતા સાથે સુસંગત તેમની કારોબારી પદ્ધતિઓ વિશે સંચાર સ્થાપિત કરશે.

3.2 ખનન સુવિધાઓ સાથેના સભ્યો વૈશ્વિક અહેવાલ પહેલ (જીઆરઆઇ)ની માર્ગદર્શિકાઓ અને જીઆરઆઇ ખનન અને ધાતુઓના ક્ષેત્રની ગૌણ અથવા તુલનાત્મક અહેવાલ લેખન માર્ગદર્શિકાઓનો ઉપયોગ કરીને તેમની સાતત્યતાપૂર્ણ કાર્યદક્ષતા પર વાર્ષિક ધોરણે અહેવાલ આપશે. આ અહેવાલો બાહ્ય ખાતરી ધરાવતા હશે.

4. નાણાકીય હિસાબો

4.1 સભ્યો રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હિસાબી માનકોને સુસંગત લેવડ-દેવડના તમામ કારોબારી વ્યવહારોના નાણાકીય હિસાબોની જાળવણી કરશે.

4.2 સભ્યો લાયકાત ધરાવતા સ્વતંત્ર એકાઉન્ટન્ટ દ્વારા, વાર્ષિક ધોરણે નાણાકીય ઓડિટ કરાવશે, અથવા જ્યાં પરવાનગી હોય તેવા કાર્યક્ષેત્રોમાં નાણાકીય સમીક્ષા હાથ ધરશે.

જવાબદાર પુરવઠા શૃંખલાઓ અને માનવ અધિકારો (જોગવાઈઓ 5-12)

5. કારોબાર ભાગીદારો

5.1 સભ્યો, તેમના નોંધપાત્ર કારોબાર ભાગીદારોની વચ્ચે જવાબદાર કારોબાર પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવા તેમની પ્રભાવિત કરવાની ક્ષમતાને અનુરૂપ, તેમના શ્રેષ્ઠ પ્રયત્નોનો ઉપયોગ કરશે.

5.2 સભ્યોની સુવિધાઓ પર કાર્યરત ઠેકેદારો અને આ સુવિધાઓ પર આવતા મુલાકાતીઓને સભ્યની નીતિઓ, પ્રણાલીઓ અને વ્યવહાર સંહિતાને સુસંગત હોય તેવી પ્રક્રિયાઓનું પાલન કરવાનું રહેશે.

6. માનવ અધિકારો

6.1 સભ્યો માનવ અધિકારોનું સન્માન કરશે અને કારોબાર અને માનવ અધિકારો પરના યુએનના માર્ગદર્શક સિદ્ધાંતોનું તેમના કદ અને પરિસ્થિતિઓને અનુરૂપ ધ્યાન રાખશે, જેમાં લઘુતમ રીતે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

a. માનવ અધિકારોનું સન્માન રાખવા માટે નીતિ પ્રતિબદ્ધતા;

b. તેઓ માનવ અધિકારો પર તેમની અસરને કેવી રીતે ધ્યાનમાં લે છે તેની ઓળખ, અટકાયત, શમન અને સમીક્ષા માટે માનવ અધિકાર કર્તવ્યપરાયણ (ડ્યુ ડિલિજન્સ) પ્રક્રિયા;

c. જ્યાં સભ્યોએ એ ઓળખી કાઢ્યું હોય કે તેમણે પ્રતિકૂળ માનવ અધિકારોની અસરો સર્જ્યાં છે અથવા તેમાં યોગદાન આપ્યું છે, ત્યાં તેઓ તે અસરોના નિવારણ માટે કાયદેસરની પ્રક્રિયાઓ પૂરી પાડશે અથવા તેમાં સહકાર આપશે.

6.2 સભ્યો, જો હીરા, સોના અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓમાં પ્રત્યક્ષ રીતે, ઘર્ષણથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત હોય અથવા ત્યાંથી પ્રાપ્તિ મેળવી રહ્યા હોય તો, પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોના ઉચ્ચ જોખમોની આકારણી માટે માનવ અધિકારો પ્રત્યેની કર્તવ્યપરાયણતા (ડ્યુ ડિલિજન્સ) પ્રક્રિયાનો ઉપયોગ કરશે.

7. કુશળ કામદાર અને નાના પાયે ખનન પ્રાપ્તિ

7.1 સભ્યોના નિયંત્રણ હેઠળ ન હોય એવા એએસએમ ઉત્પાદકો પાસેથી હીરા, સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની સીધી પ્રાપ્તિ કરતા સભ્યોઃ

a. નિયમિતપણે બળપૂર્વક કરાવવામાં આવતાં શ્રમ, બાળ-મજૂરીના વરવા પ્રકારો, અસુરક્ષિત કામની પરિસ્થિતિઓ, અનિયંત્રિત પારાના ઉપયોગ અને અન્ય નોંધપાત્ર પર્યાવરણીય અસરોના જોખમોની આકારણી કરશે અને

b. હકારાત્મક રીતે પદ્ધતિઓને પ્રભાવિત કરવા અને જોખમોને ઘટાડવા અથવા નિવારવા અને પ્રતિકૂળ માનવ અધિકારો અને પર્યાવરણીય અસરોના ઉપચાર ઉપલબ્ધ કરાવશે અથવા સહકાર આપશે.

8. સામુદાયિક વિકાસ

8.1 સભ્યો સમુદાયિક પહેલ મારફતે તેઓ જ્યાં કામ કરી રહ્યાં છે તે સમુદાયોના વિકાસ માટે સહકાર આપશે.

9. લાંચ અને સગવડ માટેની ચૂકવણીઓ

9.1 સભ્યો એવી નીતિ/ઓની સ્થાપના કરશે જે:

a. સભ્યો અને સભ્યો વતી કામ કરતાં એજન્ટો દ્વારા હાથ ધરવામાં આવતી તમામ કારોબાર પદ્ધતિઓ અને વ્યવહારોમાં લાંચ પર પ્રતિબંધ ફરમાવશે.

b. શંકાસ્પદ લાંચ, લાંચમાં ભાગીદારીનો ઇનકાર, અથવા સુવિધાજનક ચૂકવણી પ્રતિબંધિત હોય ત્યાં સુવિધાજનક ચૂકવણીના ઇન્કારને લગતી ચિંતાઓને સારા ઇરાદા સાથે ઓળખવા બદલ કર્મચારીઓને કોઇ દંડ કે વિપરિત પરિણામો સામે રક્ષણ આપશે, ભલે તે પગલાંઓને કારણે સાહસે કારોબાર ગુમાવવો પડે.

c. ત્રાહિત પક્ષ સાથે ભેટ-સોગાદોના પ્રસ્તાવ અને/અથવા સ્વીકારના સંબંધમાં કર્મચારીઓ દ્વારા અનુસરવામાં આવનાર માપદંડ અને મંજૂરી પ્રક્રિયાઓ સ્થાપશે.

9.2 સભ્યો તેમના સંગઠનમાં લાંચના જોખમના સંચાલન માટે પ્રણાલી ગોઠવશે. આ પ્રણાલીમાં સામેલ હશે:

a. સભ્યોના કારોબારના એ ભાગોની ઓળખ અને દેખરેખ કે જે લાંચની સહભાગિતામાં ઉચ્ચ જોખમો ધરાવતાં હોય.

b. નીતિઓ અને કાર્યવાહીઓ અંગે સંલગ્ન વ્યવસ્થાપકો અને કર્મચારીઓને તાલીમ આપવી.

c. સભ્યોની નીતિ મુજબ, ભેટ-સોગાદના પત્રકમાં ત્રીજા પક્ષને આપવામાં આવતી અને તેમની તરફથી આવતી સંલગ્ન ભેટ-સોગાદોની નોંધ.

d. તેમના પોતાના સંગઠનની અંદર શંકાસ્પદ લાંચની કોઇપણ ઘટનાઓની તપાસ.

e. લાંચ અને લાંચના પ્રયાસો માટેના પ્રતિબંધો.

9.3 જ્યાં લાગુ પડતા કાયદા દ્વારા સુલભતા માટેની ચુકવણીઓને મંજૂરી આપવામાં આવી હોય ત્યાં સભ્યો:

a. બધી જ સુવિધાજનક ચુકવણીઓને નાબૂદ કરવાના અથવા સમય રહેતાં સુવિધાજનક ચુકવણીઓના કદ અને આવર્તનને ઘટાડવાના પગલાં ભરશે.

b. ખાતરી કરશે કે સુવિધાજનક ચુકવણીઓ મર્યાદિત પ્રકાર અને અવકાશની હોય.

c. સભ્ય દ્વારા કે તેમના પક્ષે કરવામાં આવેલ સુવિધાજનક ચુકવણી માટે નિયંત્રણોનો અમલ કરશે, તેના પર દેખરેખ રાખશે અને તેનો સંપૂર્ણ હિસાબ રાખશે.

10. નાણાંની હેરફેર) મની લૉન્ડરિંગ (અને આતંકવાદને નાણાં પૂરા પાડવા

10.1 સભ્યો કારોબાર ભાગીદારો કે જેઓ આપૂર્તિકારો અથવા હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓ અથવા આ ધાતુઓના ઝવેરાતના ઉત્પાદનોના ગ્રાહકો માટે તમારા ગ્રાહકને જાણો સિદ્ધાંતને લાગુ કરશે, જેમાં નીચેનો પણ સમાવેશ થાય છે:

a. ઓળખ સ્થાપિત કરવી, અને જ્યાં જોખમની આકારણી અથવા લાગુ પડતા કાયદા દ્વારા કારણભૂત હોય ત્યાં લાભકારક માલિકી અને આપૂર્તિકાર અથવા ગ્રાહક માટેના સિદ્ધાંતો સ્થાપિત કરવા

b. તેમના કારોબારના પ્રકાર વિશેની સમજણ જાળવી રાખવી;

c. અસામાન્ય અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ માટે વ્યવહારો પર દેખરેખ રાખવી અને નાણાંની હેરફેર કરવી અથવાઆતંકવાદને નાણાં પૂરા પાડવાની વ્યવસ્થાની શંકાનો સંલગ્ન નિયુક્ત સત્તામંડળને અહેવાલ આપવો .

10.2 સભ્યો એવા તમામ રોકડ અથવા રોકડ જેવા લેવડ-દેવડના વ્યવહારોની નોંધોની જાળવણી કરશે જે લાગુ પડતા કાયદા હેઠળ સુસંગત વ્યાખ્યાયિત શરૂઆત ઉપરાંત ઉદભવ્યા હોય અને, જ્યાં જરૂર જણાય ત્યાં નિયુક્ત કરવામાં આવેલ અધિકૃત સત્તામંડળ સમક્ષ આનો અહેવાલ આપશે. જ્યાં કોઈ લાગુ પડતા કાયદો અસ્તિત્વ ન ધરાવતો હોય ત્યાં, સભ્ય 15000 યુરો/ડોલર્સની સમકક્ષ અથવા તેથી ઉપરના બધા જ રોકડ વ્યવહારોની દેખરેખ રાખશે અને તેની નોંધ જાળવશે, જ્યાં વ્યવહારો એક જ સંચાલનમાં હાથ ધરવામાં આવ્યાં હોય અથવા ઘણાં બધા સંચાલનમાં દેખાય તેને જોડવાના રહેશે.

11. સલામતી

11.1 સભ્યો સલામતીના જોખમોની આકારણી કરશે અને એવા પગલાં સ્થાપશે જે ઉત્પાદનોની ચોરી, નુકસાન અથવા સ્થળની અંદર અને નિકાસ દરમિયાન ઉત્પાદનોની અદલા-બદલીની સામે સલામતી પૂરી પાડે. ઉત્પાદનોની સલામતીના પગલાં કર્મચારીઓ, ઠેકેદારો, મુલાકાતીઓ, સંલગ્ન કારોબાર ભાગીદારો દ્વારા કાર્યરત કરવામાં આવેલ વ્યક્તિઓની સલામતીને અગ્રિમતા આપશે.

11.2 સભ્યો એ સુનિશ્ચિત કરશે કે બધા જ સલામતી રક્ષકો માનવ અધિકારો અને તમામ લોકોની ગરિમાનું સન્માન કરે અને જ્યારે ખૂબ જ જરૂરી હોય માત્ર ત્યારે જ બળનો પ્રયોગ કરે અને ધમકી માટે ન્યુનતમ પ્રમાણ જાળવે.

11.3 ખનન સુવિધાઓ સાથેના સભ્યો એ સુનિશ્ચિત કરશે કે સુરક્ષા કર્મીઓ સલામતી અને માનવ અધિકારો(2000) પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો પર અને તે અંતર્ગત કામગીરી કરવાની તાલીમ પ્રાપ્ત કરે. કોઇ પણ કસબ અને લઘુ-સ્તરીય ખનન (એએસએમ)ના માનવ અધિકારોને ખાનગી સુરક્ષા કર્મીઓની તાલીમમાં નિશ્ચિતપણે સંબોધવામાં આવવા જોઇએ.

11.4 સભ્યો કે જેમનો કારોબાર ઝવેરાતની પુરવઠા શૃંખલાને સુરક્ષા પૂરી પાડવાનો છે તેઓ ખાનગી સુરક્ષા સેવા ઉપલબ્ધકર્તા (આઇસીઓસી) માટેની આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતાના હસ્તાક્ષરકર્તા રહેશે.

12. ઉદભવિત દાવાઓ

12.1 ઉદભવિત દાવા(ઓ) કરતી હોય એવી વ્યક્તિઓ એવી વ્યવસ્થાઓ અમલી કરતી હોવી જોઇએ જે સુનિશ્ચિત કરે કે આ ઉદભવિત દાવા(ઓ) માન્ય છે અને પુરાવા દ્વારા આધારભૂત છે. આ પ્રણાલીમાં સામેલ હશે:

a. પુરાવાયુક્ત માપદંડ અથવા જરૂરિયાતો કે જે ઉદભવિત દાવા(ઓ) સાથે સુસંગત હોય;

b. નોંધ જાળવવા માટે અને માપદંડ અથવા જરૂરિયાતો પૂરી થાય છે એ અંગે ખરાઇ કરવા માટેની પ્રક્રિયાઓ;

c. ઉદભવિત દાવા(ઓ) દ્વારા નિયંત્રિત સામગ્રીઓની અખંડિતતાને જાળવી રાખવા માટેના નિયંત્રણો;

d. જે કર્મચારીઓ ઉત્પાદન પૂછપરછને પ્રતિભાવ આપવા માટે જવાબદાર હોય તેઓ ઉદભવિત દાવા(ઓ)ને સમજી શકે અને તેનું સચોટ વર્ણન કરી શકે તેની સુનિશ્ચિતતા માટેની તાલીમ;

e. રસ ધરાવતા પક્ષકારોને ઉદભવિત દાવા(ઓ)ની સચ્ચાઈ વિશે પોતાની ચિંતા વ્યક્ત કરવાની મંજૂરી માટે, કારોબારના પ્રકાર, કદ અને અસરને અનુરૂપ એક ફરિયાદો અને ફરિયાદ વ્યવસ્થા.

શ્રમ અધિકારો અને કામની સ્થિતિઓ (જોગવાઈઓ 13-20)

13. રોજગારીની સામાન્ય શરતો

13.1 સભ્યોએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કર્મચારીઓ વેતન, કામના કલાકો અને રોજગારની અન્ય પરિસ્થિતિઓના સંબંધમાં તેમના વર્તમાન રોજગારની શરતોને સમજે છે.

13.2 સભ્યો માત્ર મજૂર-કરાર વ્યવસ્થાઓ, ખોટી એપ્રેંટિસશિપ યોજનાઓ, વધુ પડતાં સળંગ ટુંકા-ગાળાના રોજગાર કરારો, અને/અથવા પેટા-કરારો અથવા ઘરેથી કામ કરવાની વ્યવસ્થાઓ મારફત લાગુ પડતા કાયદા હેઠળ શ્રમ અને સામાજિક સુરક્ષા સંબંધિત જવાબદારીઓ કર્મચારીને પરિપૂર્ણ કરવાનું ટાળશે નહીં.

13.2 સભ્યો, ફૂલ ટાઇમ, પાર્ટટાઇમ અથવા મૌસમી આધાર પર હોય તે સહિતના બધા જ કર્મચારીઓ માટે છૂટક કામના વળતર અને વેતન ચુકવણીઓ તેમજ કામના કલાકો સહિત ઉચિત કર્મચારી રેકોર્ડ્સ જાળવશે.

14. કામના કલાકો

14.1 સભ્યો કામના કલાકો માટે લાગુ પડતા કાયદાનું પાલન કરશે. સભ્ય સંચાલન કરતા હોય એવા ક્ષેત્રમાં લાગુ કાયદા દ્વારા ઉચ્ચ મર્યાદા નક્કી કરવામાં ન આવી હોય ત્યાં સુધી ઓવર-ટાઇમ સિવાય સામાન્ય કામનું અઠવાડિયું 48 કલાક કરતા વધવું ન જોઇએ.

14.2 જો કારોબારની જરૂરિયાત માટે ઓવર-ટાઇમ જરૂરી હોય તો, સભ્યએ ખાતરી આપવી જોઇશે કે:

a. સભ્ય દ્વારા ઓવર-ટાઇમ કાર્ય અંગે સ્વૈચ્છિક ઓવર-ટાઇમ વ્યવસ્થા હેઠળ વિનંતી કરવામાં આવી હોય. જરૂરી ઓવર-ટાઇમને માત્ર ત્યારે જ મંજૂરી આપવામાં આવી હોય કે જ્યાં તે લાગુ પડતા કાયદા હેઠળ મર્યાદા અથવા સામુહિક સોદાબાજી કરારો હેઠળ મંજૂર કરવામાં આવ્યા હોય.

b. લાગુ કાયદા દ્વારા વ્યાખ્યાયિત અથવા સામૂહિક સોદાબાજી કરાર હેઠળ મંજૂર કરવામાં આવ્યું ન હોય ત્યાં સુધી સામાન્ય અઠવાડિયાનાં કાર્ય અને ઓવર-ટાઇમ કલાકોનો સરવાળો એક અઠવાડિયામાં 60 કલાકથી વધવો ન જોઇએ

14.3 સભ્યો બધા જ કર્મચારીઓને આઇએલઓ કન્વેંશન 14 અનુસાર કામના સળંગ સાત દિવસમાં ઓછામાં ઓછાં એક વિરામ દિવસ ઉપલબ્ધ થવો જોઇએ. આ મર્યાદાથી વધુનો કામનો સમય માત્ર સામૂહિક સોદાબાજી કરાર અથવા લાગુ પડતા કાયદા હેઠળ મંજૂર કરવામાં આવશે જે પર્યાપ્ત વિરામના સમયગાળા સહિત સરેરાશ કામના સમયને મંજૂરી આપે છે.

14.4 સભ્યો કર્મચારીઓને પ્રસૂતિ અને પિતૃત્વ, વળતર અને સવેતન વાર્ષિક રજા સહિત ફરજિયાત તમામ જાહેર રજાઓ અને રજા ઉપલબ્ધ કરાવશે. જ્યાં લાગુ થવા પાત્ર કાયદા પ્રવર્તતા ન હોય ત્યાં, સવેતન વાર્ષિક રજા આઇએલઓ કન્વેંશન 132 અનુસાર ઉપલબ્ધ કરાવશે.

15. વળતર

15.1 સભ્યો કર્મચારીઓને લાગુ પડતા કાયદેસર લઘુતમ વેતન વત્તા સંકળાયેલ વૈધાનિક લાભ, અથવા પ્રવર્તમાન ઉદ્યોગ માનકો પર આધારિત સામાન્ય અઠવાડિક કાર્ય માટે, ઓવરટાઇમને સામેલ કર્યા વિના, વેતન ચુકવશે. કાર્યદેખાવ-સંબંધિત આધારો પર ચુકવવામાં આવતાં વેતનો સામાન્ય કામના અઠવાડિયા માટેના કાયદેસરના લઘુતમ વેતન કરતાં ઓછાં હોવા જોઇએ નહીં.

15.2 સભ્યો ઓવરટાઇમ કામની ભરપાઈ ઓછામાં ઓછા લાગુ પડતા કાયદા દ્વારા નક્કી કરવામાં આવેલ સમાન દરો પર અથવા સામૂહિક સોદાબાજી વ્યવસ્થા મુજબ, અથવા ઓછામાં ઓછા પ્રવર્તમાન ઉદ્યોગ માનકો સમાન જ્યાં પ્રિમિયમ દર અનિયંત્રિત હોય તે મુજબ રહેશે.

15.3 સભ્યો એવા કર્મચારીઓને વેતનની ચૂકવણીઓ કરશે જે:

a. નિયમિત અને પૂર્વ-નિર્ધારિત આધાર પર હશે, અને વિલંબિત કે સ્થગિત નહીં હોય;

b. બેંક તબદીલી દ્વારા અથવા રોકડમાં અથવા ચેકના સ્વરૂપે, કર્મચારીને સુલભ હોય તેવા સ્થળે અને તે રીતે, અને વાઉચર્સ, કુપનો કે પ્રોમિસરી નોટ્સના સ્વરૂપે નહીં ચુકવે.

c. વેતન ચિઠ્ઠી સાથે કે જે સ્પષ્ટપણે વેતન દરો, લાભો અને જ્યાં લાગુ પડતા હોય ત્યાં પાતોની વિગતો દર્શાવતી હોય.

15.4 સભ્યો વેતનમાંથી માત્ર ત્યારે જ કપાતો કરશે જ્યાં:

a. કપાતો નિર્ણિત હોય અને પૂર્ણ દસ્તાવેજ સાથે ગણતરીબદ્ધ રીતે કર્મચારીઓને સ્પષ્ટપણે સંચારિત કરવામાં આવી હોય;

b. રોજગારદાતા દ્વારા નક્કી કરવામાં આવેલ કપાતો કર્મચારી દ્વારા મેળવવામાં આવતા લઘુતમ વેતનો કરતા ઓછા વેતનમાં ન પરિણમવા જોઇએ;

c. શિસ્તના હેતૂઓ માટે કોઇ પણ કપાતો સામૂહિક સોદાબાજી કરાર અથવા લાગુ પડતા કાયદાઓ હેઠળ અન્યથા મંજૂર કરવામાં આવેલ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

15.5 સભ્યો કર્મચારીઓને સભ્યોના પોતાના કારોબાર અથવા સુવિધાઓમાંથી જોગવાઈઓની ખરીદી માટે ફરજ નહીં પાડે.

15.6 જે સભ્યો વેતન એડવાન્સિસ અથવા ધિરાણોઉપલબ્ધ કરાવશે તેમણે વ્યાજ અને પુનર્ચુકવણીની શરતો પારદર્શી અને વાજબી હોય, અને કર્મચારીઓ માટે ભ્રામક ન હોય તેની ખાતરી કરવી પડશે.

16. શિસ્ત અને ફરિયાદની પ્રક્રિયાઓ

16.1 સભ્યોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે કર્મચારીઓ શારીરિક દંડ, નિષ્ઠુર અથવા નાલેશીભરી વ્યવહાર, જાતીય અથવા શારીરિક સતામણી, માનસિક, શારીરિક અથવા શાબ્દિક ગાળાગાળી, સખ્તાઈ અથવા ધાકધમકી અથવા પોતાની, પરિવારની અને સહકર્મી પ્રત્યે આની માટેની ધમકીને આધીન નહીં હોય.

16.2 સભ્યોએ કારોબારની શિસ્ત સંબંધી પ્રક્રિયા, અને શિસ્તતાની ઉચિત પ્રક્રિયાઓ સંબંધિત માનકો અને કર્મચારી સાથેના વ્યવહારને સ્પષ્ટપણે સંચારિત કરવાની રહેશે, અને વ્યવસ્થાપન અને કર્મચારીગણ સાથે સમાન રૂપે લાગુ કરવાના રહેશે.

16.3 સભ્યો ફરિયાદ વ્યવસ્થા અને તપાસની પ્રક્રિયાઓને સ્પષ્ટ રીતે ઉપલબ્ધ કરાવશે અને આને સ્પષ્ટપણે બધા જ કર્મચારીઓને વર્ણવશે.

a. વ્યક્તિગત રીતે કાર્યરત કર્મચારીઓ અથવા અન્ય કામદારો સાથે કાર્યરત હોય તો તે કોઈપણ દંડ અથવા પ્રતિકાર વિના ફરિયાદ દાખલ કરવા માટે મુક્ત હશે.

b. ફરિયાદ પ્રક્રિયાઓને એવી રીતે સંરચિત કરવામાં આવશે કે તે અસરકારક રીતે કાર્ય કરે અને સમયસર પરિણામો મેળવી આપે.

c. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદો, તપાસ પ્રક્રિયાઓ અને પરિણામોની નોંધને જાળવવાની રહેશે.

17. બાળ મજૂરી

17.1 આઇએલઓ કન્વેંશન 138માં અને ભલામણ 146માં વ્યાખ્યા કર્યા મુજબ, સભ્યો બાળ મજૂરોને રાખશે નહીં અથવા તેને ટેકો આપશે નહીં, જે કામ માટે નીચેની લઘુતમ ઉંમરો સુયોજિત કરે છે:

a. મૂળભૂત ન્યૂનતમ કામ માટેની વય 15 વર્ષની છે, જેથી બાળકને ફરજિયાત શિક્ષણ પુરું કરાવી શકાય.

b. જે સભ્યો વિકસિત દેશોમાં કામગીરી ચલાવી રહ્યાં છે કે જ્યાં ફરજિયાત શિક્ષણ 15 વર્ષ કરતાં પહેલાં પૂર્ણ થઈ જાય છે, લાગુ પડતા કાયદાને આધીન ન્યુનતમ કામની વય 14 વર્ષને પરવાનગી આપી શકે છે, પરંતુ સભ્યના પ્રથમ પ્રમાણીકરણ સમયગાળાની પૂર્ણતા સુધીમાં સુવિધાઓમાં ન્યૂનતમ કામની વય 15 વર્ષની હાંસલ કરી લેવી જોઇએ.

17.2 આઇએલઓ કન્વેંશન 182 અને ભલામણ 190માં વ્યાખ્યાયિત કર્યા મુજબ, સભ્યો બાળ મજૂરોના ખરાબમાં ખરાબ સ્વરૂપોમાં જોડાશે નહીં અથવા તેને ટેકો નહીં આપે, જેમાં સમાવેશ થાય છે:

a. જોખમી બાળ મજૂરી, જે સ્વભાવગત અથવા સંજોગોથી 18 વર્ષથી નાના વ્યક્તિઓના આરોગ્ય, સલામતી અથવા નૈતિકતાને સંકટમાં મૂકવાની શક્યતા ધરાવે છે. જ્યાં લાગુ પડતા કાયદા દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને જોખમોની આકારણી અને સીઓપી 21.3 આરોગ્ય અને સલામતી હેઠળ નિયંત્રણોના અમલીકરણ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે, ત્યાં કામની ન્યૂનતમ વય 16 ને એ શરતે પરવાનગી આપવામાં આવી છે કે સંબંધિત બાળકોના આરોગ્ય, સલામતી અને નૈતિકતાને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં આવશે, અને એ કે બાળકોને પ્રવૃત્તિની સંલગ્ન શાખામાં પૂરતી નિર્દિષ્ટ સૂચના અથવા વ્યાવસાયિક તાલીમ પ્રાપ્ત કરાવવામાં આવી છે.

b. ઋણ બંધન, બાળ તસ્કરી, ફરજિયાત બાળ મજૂરી અને સશસ્ત્ર ઘર્ષણમાં બાળકોના ઉપયોગ સહિત બધા જ પ્રકારની બાળ ગુલામી અને ગુલામીને સમાન પદ્ધતિઓ.

17.3 માં આપ્યું હોવા છતાં પણ, જ્યાં સુવિધાઓમાં બાળ મજૂરી મળી આવશે ત્યાં, સભ્યોએ દસ્તાવેજીત બાળ મજૂરી ઉપાય પ્રક્રિયાઓ વિકસિત કરવાની રહેશે જેમાં બાળકના સતત કલ્યાણ માટેનાં પગલાઓનો અને બાળકના પરિવારની નાણાકીય સ્થિતિને ધ્યાન પર લેવાનો સમાવેશ થાય છે. ઉપાયોમાં સમાવેશ થાય છે:

a. બાળ મજૂરીમાં રોકવામાં આવેલ કોઇપણ બાળકને તાત્કાલિક પાછો ખેંચી લેવું.

b. હજુ પણ ફરજિયાત શિક્ષણ કાયદાઓને અથવા શાળામાં હાજરી આપવાને આધીન ન હોય તેવા બાળક માટે, વૈકલ્પિક આવકના સાધન અને/અથવા વ્યાવસાયિક તાલીમ તકો શોધવી, જેમાં માફકસર અને સ્વીકાર્ય રોજગારનો સમાવેશ કરી શકાય.

c. હજુ પણ ફરજિયાત શિક્ષણ કાયદાઓને અથવા શાળામાં હાજરી આપવાને આધીન હોય તેવા બાળક માટે, બાળક શાળાએ જતું થાય અને ફરજિયાત શિક્ષણની પૂર્ણતા સુધી શાળામાં જ રહે તેના માટે પુરતો ટેકો આપવો.

d. બિન-અનુકૂલનના મૂળભૂત કારણોને ઓળખવા અને કોઇ પણ પુન:આવર્તનને ટાળવા માટે નિયંત્રણોના અમલ માટે બાળ મજૂરીને ટાળવાના સભ્યના અભિગમની પદ્ધતિસરની સમીક્ષા.

18. વેઠ

18.1 આઇએલઓ કન્વેંશન 29માં વ્યાખ્યાયિત મુજબ, સભ્યો બંધિત, કરારબદ્ધ અથવા અનૈચ્છિક પૂરી રાખવામાં આવેલ મજૂર સહિત વેઠનો ઉપયોગ કરશે નહીં.

18.2 સભ્ય નહીં કરે:

a. ન તો કાર્યસ્થળ પર અને ન તો સ્થળ પરના રહેઠાણ વિસ્તારમાં કર્મચારીઓની હરવા-ફરવાની સ્વતંત્રતાને ગેરવ્યાજબી રીતે પ્રતિબંધિત કરશે.
b. કર્મચારીના વ્યક્તિગત દસ્તાવેજો, જેમ કે ઓળખ પત્રોની મૂળ નકલો પોતાની પાસે નહીં રાખે.
c. કોઇ પણ પ્રકારની થાપણો, ભરતી શૂલ્ક, અથવા ઉપકરણ પેશગીની કર્મચારીઓ પાસેથી પ્રત્યક્ષ અથવા ભરતી એજન્સી મારફત જરૂરિયાત ઊભી નહીં કરે.
d. વાજબી સૂચના આપ્યા બાદ અથવા જે રીતે લાગુ પડતા કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યું હોય તે મુજબ કર્મચારીઓને તેમના રોજગારને છોડી દેવાથી અટકાવશે નહીં.

18.3 સભ્યો, અને સભ્યોને મજૂરો પૂરા પાડતું કોઇ પણ એકમ, માનવ તસ્કરીમાં જોડાશે નહીં અથવા તેને ટેકો નહીં આપે. માનવ તસ્કરીના જોખમો માટે સભ્યો ભરતી એજન્સીઝની સાથેના સંબંધોની દેખરેખ રાખશે.

19. સંગઠનનું સ્વાતંત્ર્ય અને સામૂહિક સોદાબાજી

19.1 સભ્યો દ્વારા કોઇ પણ પ્રકારની અડચણ અથવા નકારાત્મક પરિણામો વિના, પોતાની પસંદગીના શ્રમિક સંગઠનમાં મુક્તપણે જોડાવાના કર્મચારીઓના અધિકારનું સભ્યો સન્માન કરશે.

19.2 સભ્યો કર્મચારીના સામૂહિક સોદાબાજીના અધિકારનું સન્માન કરશે, અને સામૂહિક સોદાબાજીના કરારોનું અક્ષરશ: પાલન કરશે, જ્યાં આવા કરારો પ્રવર્તતા હોય. સભ્યો, લાગુ પડતા કાયદાને આધીન, વિશ્વાસપૂર્વક કોઇ પણ પ્રકારની સામૂહિક સોદાબાજીમા સહભાગી બનશે.

19.3 જ્યાં લાગુ પડતા કાયદાઓ સંગઠનના સ્વાતંત્ર્ય અને સામૂહિક સોદાબાજીને પ્રતિબંધિત કરતાં હોય ત્યાં, સભ્યો લાગુ પડતા કાયદા હેઠળ કર્મચારીઓ માટેના સંગઠનના વૈકલ્પિક માધ્યમોને અવરોધશે નહીં.

20. બિન-ભેદભાવ

20.1 કાર્યસ્થળ પર સભ્યો મહેનતાણા, ઓવરટાઇમ, તાલીમની પહોંચ, બઢતી, જાતિ પર આધારિત સમાપ્તિ અથવા નિવૃત્તિ, વંશીયતા, જાતિ, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, વિકલાંગતા, લૈંગિકતા, જાતિય અભિમુખતા, યુનિયનનું સભ્યપદ, રાજકીય જોડાણ, વૈવાહિક દરજ્જો, ગર્ભવસ્થા સ્થિતિ, શારીરિક દેખાવ, એચઆઇવી સ્થિતિ, અથવા વય, અથવા અન્ય કોઇ લાગુ પડતા પ્રતિબંધિત આધારના સંદર્ભમાં કોઇ પણ સ્વરૂપમાં એ રીતે ભેદભાવ નહીં ધરાવે અથવા જતું નહીં કરે કે "કાર્ય માટે સક્ષમ છે" એવી તમામ વ્યક્તિઓને સમાન તકો પ્રદાન કરવામાં આવે અને તેમના કામને નિભાવવા માટે તેમની ક્ષમતાથી સંબંધિત ન હોય તેવા પરિબળોના આધારે તેમની સામે ભેદભાવ રાખવામાં ન આવે.

આરોગ્ય, સલામતી અને પર્યાવરણ (જોગવાઈઓ 21-25)

21. આરોગ્ય અને સલામતી

21.1 સભ્યો એ બાબતને સુનિશ્ચિત કરશે કે બધા કર્મચારીઓ અને સાઇટ પરના ઠેકેદારોને લાગુ પડતા કાયદા અને અન્ય સંલગ્ન ઉદ્યોગ માનકોથી સુસંગત કામ કરવા માટેની સલામત અને આરોગ્યપ્રદ પરિસ્થિતિઓ ઉપલબ્ધ કરવામાં આવે.

21.2 સભ્યો કાર્યસ્થળ ઉપલબ્ધ કરાવશે અને તેની જાળવણી રાખશે, અને જ્યાં સ્થળ પરના રહેઠાણો ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય, તે:

a. સલામત અને સુલભ પીવાના પાણી;

b. ખોરાકના વપરાશ અને સંગ્રહ માટે આરોગ્ય વિષયક સુવિધાઓ;

c. કાર્યરત કર્મચારીઓની સંખ્યા અને લિંગ સાથે અનુરૂપ સ્વચ્છ અને આરોગ્યપ્રદ ન્હાવા-ધોવા અને શૌચાલયની સુવિધા;

d. અગ્નિ-સુરક્ષા ઉપકરણ અને એલાર્મ્સ ;

e. સ્પષ્ટ નિશાન કરેલ, તાળા વગરના અને બિન-અવરોધક આપાતકાલીન નિકાસી અને સંકટ સમયે બહાર નીકળવાના માર્ગ;

f. પર્યાપ્ત વીજ પુરવઠો અને આપાતકાલીન લાઇટિંગની સુલભતા ધરાવતાં હોવા જોઇએ.

21.3 સભ્યો કાર્યસ્થળનાં જોખમોની આકારણી કરશે અને અકસ્માતનાં જોખમોને અને કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને ઈજાના ન્યૂનતમ બનાવવા માટે નિયંત્રણોનો અમલ કરશે. જોખમની આકારણીમાં સભ્યની પ્રવૃત્તિઓ અને ઉત્પાદો સાથે જોડાયેલા જોખમોને ધ્યાનમાં લેવાની રહેશે, જેમાં જ્યાં સુસંગત હશે ત્યાં સમાવેશ થશે: યંત્રો અને મોબાઇલ ઉપકરણોનો ઉપયોગ; સંગ્રહ અને સફાઈની સામગ્રીઓ સહિત રસાયણોની સંભાળ; અતિશય ગંદા ધૂમાડા, હવામાં રહેલી કણો, અવાજ અને તાપમાનનાં સ્તરનો સંસર્ગ અને/અથવા અપર્યાપ્ત પ્રકાશ અને હવા-ઉજાસ; પુનરાવર્તિત તાણ પ્રવૃત્તિઓ; 18 વર્ષથી નીચેની વય અને સગર્ભા માતાઓ; અને સામાન્ય આરોગ્યરક્ષા અને

હાઉસકિપીંગ પ્રશ્નો.

21.4 સભ્યો કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સંયુક્ત આરોગ્ય અને સુરક્ષા સમિતિ જેવી રચના ઉપલબ્ધ કરાવશે, જેના દ્વારા તેઓ વ્યવસ્થાપક મંડળ સાથે આરોગ્ય અને સુરક્ષા અંગેના પ્રશ્નો ઉઠાવશે અને તેની રચના કરશે.

21.5 સભ્યો કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સમજાય તેવા સ્વરૂપમાં અને ઉચિત ભાષામાં આરોગ્ય અને સુરક્ષા વિશેની તાલીમ અને માહિતી આપશે. આમાં સમાવેશ થાય છે:

a. નિર્દિષ્ટ ભૂમિકા-સંબંધિત આરોગ્ય અને સુરક્ષા જોખમો અને નિયંત્રણો;

b. અકસ્માત અથવા આપાતકાલીન ઘટનામાં ઉચિત પગલાં ભરશે;

c. અગ્નિ સુરક્ષા અને આપાતકાલીન પ્રક્રિયાઓમાં યોગ્ય તાલીમ;

d. નિયુક્ત કર્મચારી પ્રતિનિધિઓને પ્રાથમિક ઉપચાર તાલીમ;

e. કર્મચારી અને ઠેકેદાર સભાનતા કે તેઓ અનિયંત્રિત જોખમો ધરાવતી પરિસ્થિતિઓમાં કામ બંધ કરવાની અથવા કામ કરવાની ના પાડવાના અધિકાર અને જવાબદારી ધરાવે છે, અને તાત્કાલિક આ પરિસ્થિતિ અંગે નિકટવર્તી જોખમ અને સંચાલકમંડળના ધ્યાન પર લાવશે.

21.6 સભ્યો એ સુનિશ્ચિત કરશે કે અંગત રક્ષણાત્મક ઉપકરણ (પીપીઈ) વિનામૂલ્યે ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય અને ખરાઈ કરશે કે તે વર્તમાન હોય, યોગ્ય રીતે પહેરવામાં આવ્યાં હોય અને સાચી રીતે ઉપયોગમાં લેવામાં આવે.

21.7 સભ્યો સ્થળ પર પૂરતી આરોગ્ય અને તબીબી સુવિધાઓની સુલભતા ઉપલબ્ધ કરાવશે, જેમાં સ્પષ્ટ રીતે અંકિત કરવામાં આવેલ પ્રાથમિક ઉપચાર જોગવાઈઓ અને પ્રશિક્ષિત પ્રાથમિક સારવાર વ્યક્તિ સામેલ હશે, અને ત્યાં તબીબી આપાતકાલીન પરિસ્થિતિના કિસ્સામાં સ્થાનિક તબીબી સુવિધા સુધીના પરિવહનની યોગ્ય પ્રક્રિયા સ્થાનબદ્ધ કરાશે.

21.8 સભ્યો બધી જ સંભવિત આપાતકાલીન સ્થિતિઓ માટે આપાતકાલીન પ્રક્રિયાઓ અને તે જગ્યા ખાલી કરવાની યોજનાઓ સ્થાપિત કરશે, જે સુલભ અને સ્પષ્ટ રીતે નિર્દેશિત, નિયમિત તપાસ કરવામાં આવેલી (ખાલી કરવાની કવાયત અભ્યાસ સહિત), અને સમયાંતરે અદ્યતન બનાવવામાં આવશે.

21.9 સભ્ય આરોગ્ય અને સુરક્ષા ઘટનાઓની તપાસ કરશે અને સુધારા માટેની તકોને ઓળખવા માટે સંબંધિત જોખમોનાં નિયંત્રણોની સમીક્ષાઓમાં પરિણામોને દર્શાવશે.

21.10 જે સભ્યો હીરાના કટિંગ અને પોલિશિંગમાં જોડાયેલા છે તેઓ કોબાલ્ટ-મુક્ત હીરા-ફળદ્રુપ સ્કાઇફ્સનો ઉપયોગ કરશે.

22. પર્યાવરણીય વ્યવસ્થાપન

22.1 સભ્યો પર્યાવરણીય જોખમો, પર્યાવરણીય અસરો અને પર્યાવરણીય કાર્યદેખાવના સુધારા માટેની તકોને ઓળખશે.

22.2 સભ્યો ઓળખી કાઢવામાં આવેલ પર્યાવરણીય જોખમો અને નોંધપાત્ર પર્યાવરણીય અસરોને ન્યૂનતમ કરવા અને શમન માટે, અને પર્યાવરણીય કાર્યદેખાવને સુધારવા માટે નિયંત્રણોનો અમલ અને સમીક્ષા કરશે.

22.3 સભ્યો સંલગ્ન કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સમજી શકાય તેવાં સ્વરૂપમાં અને યોગ્ય ભાષામાં પર્યાવરણીય જોખમો અને નિયંત્રણો વિશે તાલીમ અને માહિતી પૂરી પાડશે.

23. જોખમી પદાર્થો

23.1 સભ્યો સુવિધાઓ પરનાં જોખમી પદાર્થોની એક સૂચિની જાળવણી કરશે. સુરક્ષા વિગતોના પત્રકો (અથવા તેની સમકક્ષ) જ્યાં આ બધા જોખમી પદાર્થોનો ઉપયોગ થઈ રહ્યો હોય ત્યાં સુલભ હશે અને તેની સાથે જોડાયેલા જોખમો વિશે તેની સાથે કાર્ય કરી રહેલાં કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સ્પષ્ટ રીતે સંચારિત કરવામાં આવશે.

23.2 સભ્યો આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધીન રસાયણો અને જોખમી પદાર્થોના તેમની સજીવો પ્રત્યેના ઉચ્ચ વિષક્ષમતા, પર્યાવરણીય દૃઢતા, અથવા જૈવ સંચય માટેની સંભાવના, અપરિવર્તનીય પારિસ્થિતિક અસરો, અથવા ઓઝોન સ્તરના અવક્ષયના કારણે ઉત્પાદન, વેપાર અને/અથવા ઉપયોગ નહીં કરી શકે.

23.3 સભ્યો જ્યાં તકનીકી અને આર્થિક રીતે પોષાય ત્યાં કારોબારી પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતાં અન્ય જોખમી પદાર્થોના વિકલ્પો લાગુ કરશે.

24. કચરો અને ઉત્સર્જનો

24.1 સભ્યો તેમના કારોબારની પ્રક્રિયાઓમાં હવા, પાણી અને જમીનને અસરકર્તા નોંધપાત્ર કચરાઓ અને ઉત્સર્જનોને ઓળખી કાઢશે.

24.2 સભ્યો ઓળખી કાઢવામાં આવેલ કચરાઓ અને ઉત્સર્જનોનું નીચેના પગલાઓ દ્વારા જવાબદારીપૂર્વક સંચાલન કરશે:

a. ખર્ચની બાબતોની સાથે-સાથે પર્યાવરણીય અસરોની બાબતોને ધ્યાનમાં લઈને;

b. જ્યાં લાગુ પડતા હોય ત્યાં પર્યાવરનીય અસરને ઘટાડવા માટે ઘટાડા, પુનર્પ્રાપ્તિ, પુનર્વપરાશ અને પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવું બનાવવના સિદ્ધાંતોને લાગુ કરીને ;

c. લાગુ પડતા કાયદાના અનુપાલનમાં કચરાઓ અને ઉત્સર્જનોના વિસર્જન અને નિકાલ કરીને, અથવા જ્યાં લાગુ પડતા કાયદો ન પ્રવર્તતો હોય ત્યાં, પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય માનકોનો સ્વીકાર કરીને;

d. પર્યાવરણીય કાર્યદેખાવમાં સુધારાઓ લાવવા માટે કચરાઓ અને ઉત્સર્જનોના વલણનું સંચાલન કરીને

25. પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ

25.1 સભ્યો તેમના કારોબારની કામગીરીઓમાં ઊર્જા અને પાણીના વપરાશ પર દેખરેખ રાખશે અને ઊર્જા અને પાણીની કાર્યક્ષમતાની પહેલોને સ્થાનબદ્ધ કરશે.

25.2 સભ્યો તેમના કારોબારની પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતાં અન્ય નોંધપાત્ર પ્રાકૃતિક સંસાધનોને ઓળખી કાઢશે અને તેના કાર્યક્ષમ ઉપયોગને સુનિશ્ચિત બનાવશે.

હીરા, સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુની ઉત્પાદનો (જોગવાઈઓ 26-28)

26. ઉત્પાદન પ્રકટીકરણ

26.1 સભ્યો કોઇ પણ અસત્યપૂર્ણ, ગેરમાર્ગે દોરનારું અથવા ભ્રામક પ્રતિનિધિત્વ નહીં કરે, અથવા હીરા, કૃત્રિમ અથવા દંભી, અને/અથવા કોઇ પણ સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઝવેરાત ઉત્પાદનોનાં વેચાણ, જાહેરાત કે માર્કેટિંગમાં કોઈ સામગ્રીનો લોપ નહીં કરે.

26.2 લાગુ પડતા કાયદાની સુસંગતતામાં હીરાઓ, કૃત્રિમ અથવા દંભી, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની ભૌતિક લાક્ષણિકતાઓ પરની માહિતી જાહેર કરવાની રહેશે. લાગુ પડતા કાયદા સાથે પ્રવર્તતા ઘર્ષણ સિવાય, ભૌતિક લાક્ષણિકતાઓ વિશેની સંલગ્ન જાહેરાતને ટેકો આપવા માટે સભ્યો નીચેની જરૂરિયાતોને લાગુ કરશે.

a. પ્લેટિનમ જૂથની ધાતુઓ: સોનું અથવા પ્લેટિનમ જૂથની ધાતુની શુદ્ધતાને સચોટતાથી જાહેર કરવાની રહેશે. વિષયવસ્તુ અથવા શુદ્ધતાનું વિવરણ "સોનું" શબ્દ જેટલું જ, અથવા પ્લેટિનમ જૂથની ધાતુ, અથવા ટૂંકાક્ષર જેટલું જ સુસ્પષ્ટ રહેશે, અને ઉપયોગમાં લેવાયેલ કોઇ પણ ગુણવત્તા નિશાનીઓનો ઉપયોગ લાગુ પડતા કાયદા અથવા ઉદ્યોગના માનકોને સુસંગત હોય તે રીતે લાગુ કરવાની રહેશે.

b. સંશોધિત હીરા: સંશોધિત હીરાઓને "સંશોધિત" તરીકે અથવા ચોક્કસ સંશોધનના નિર્દિષ્ટ સંદર્ભ સાથે જાહેર કરવાના રહેશે. તેનું વિવરણ "હીરા" શબ્દ(દો) જેટલું સુસ્પષ્ટ રહેશે. કોઇ પણ વિશિષ્ટ સંભાળ જરૂરિયાત જે સંશોધન દ્વારા રચવામાં આવી હોય તે જાહેર કરવાની રહેશે.

c. કૃત્રિમ હીરાઓ: સંપૂર્ણ અથવા આંશિક કૃત્રિમ હીરાઓને "પ્રયોગશાળામાં રચિત", "પ્રયોગશાળામાં વિકસાવવામાં આવેલ", અને/અથવા "કૃત્રિમ" તરીકે જાહેર કરવાના રહેશે અને તેનું વિવરણ "હીરા" શબ્દ જેટલું જ સુસ્પષ્ટ રહેશે.

d. આભાસી: આભાસી કે જે હીરાનો દેખાવ ઊભો કરે છે તેને તે જે ખનીજ અથવા સંયુક્ત પદાર્થનું બનેલું છે તે મુજબ જાહેર કરવાનું રહેશે.

e. હીરાની ગુણવત્તા – પૉલિશ્ડ હીરા: જ્યારે હીરા અને કૃત્રિમના વજન, રંગ, શુદ્ધતા અથવા કાપનું વર્ણન કરવામાં આવી રહ્યું હોય, ત્યારે તે ચોક્કસ કાર્યક્ષેત્રને યોગ્ય હોય તેવી માન્ય માર્ગદર્શિકાને સુસંગત રહેશે.

f. ઉત્પાદનના આરોગ્ય અને સલામતીની માહિતી: સભ્યો દ્વારા છેવાડાના ગ્રાહકને વેચવામાં આવતાં હીરા, કૃત્રિમ, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના સ્થિતિ અને સલામતી અંગેની કોઇ પણ સંલગ્ન માહિતી જાહેર કરવાની રહેશે.

27. કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વિશ્વ હીરા પરિષદ વૉરંટીની પ્રણાલી

27.1 સભ્યો જાણી જોઈને વિવાદાસ્પદ હીરાઓ ખરીદશે કે વેચશે નહીં અથવા અન્યોને આમ કરવામાં મદદ નહીં કરે.

27.2 સભ્યો, જ્યાં કાચા હીરાના આંતરરાષ્ટ્રીય વેપારની સાથે સંલગ્ન હોય, ત્યાં તેમણે કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને સંબંધિત રાષ્ટ્રીય કાયદાઓ મુજબ કાચા હીરાના આયાત અને નિકાસની ખરાઈની પ્રણાલી અને નિયંત્રણો લાગુ કરવાના રહેશે.

27.3 સભ્યો, જ્યાં હીરાની ખરીદી અને વેચાણમાં સામેલ હોય, પછી તે કાચા, પૉલિશ્ડ અથવા આભૂષણોમાં સુયોજિત કરવામાં આવ્યાં હોય, ત્યાં તેઓ વિશ્વ હીરા પરિષદ વૉરંટીની પ્રણાલીને અપનાવશે અને સુનિશ્ચિત કરશે કે બધા સંકળાયેલા ઇનવૉઇસ નીચેના હકારાત્મક નિવેદનો અથવા સમકક્ષ શબ્દો ધરાવે છે જે સમાન વૉરંટી પૂરી પાડે છે.

"અહિં ઇનવોઇસ કરવામાં આવેલ હીરાની ખરીદી કાયદેસરના સ્ત્રોતમાંથી ખરીદવામાં આવ્યાં છે જે ઘર્ષણના ભંડોળમાં સામેલ નથી અને સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ સાથે અનુકૂલનમાં છે. વેચાણકર્તા આથી બાંયધરી આપે છે કે આ હીરા, વ્યક્તિગત જ્ઞાન અને/અથવા આ હીરાના આપૂર્તિકાર દ્વારા આપવામાં આવેલ લેખિત બાંયધરીના આધારે, વિવાદરહિત છે."

27.4 સભ્યો તમામ કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણપત્રો અને વૉરંટીની પ્રણાલીના પ્રાપ્ત અને આપવામાં આવેલ ઇનવોઇસની નોંધ રાખશે, અને તેનું વાર્ષિક ધોરણે આરજેસી ઓડિટના ભાગરૂપે અથવા પ્રમાણીકરણના સમયગાળા દરમિયાન આરજેસી દ્વારા અધિકૃત કરવામાં આવેલ ઓડિટર દ્વારા, અથવા એક અલગ સ્વતંત્ર ઓડિટર દ્વારા, કારોબારના સંજોગોને જેમ અનુકૂળ હોય તે રીતે ઓડિટ કરાવશે અથવા સુમેળ સાધશે. જો અધિકૃત સરકારી સંસ્થા દ્વારા પૂછવામાં આવે તો, આ નોંધો કિમ્બર્લે પ્રક્રિયા સાથે સુસંગતતાને સાબિત કરવા સમર્થ હોવા જોઇએ.

27.5 સભ્યો લક્ષિત વ્યક્તિઓ, એકમો અથવા સંગઠનો સાથે હીરાને સામેલ કરતાં લેવડ-દેવડના વ્યવહારોને પ્રતિબંધિત કરતાં હોય તેવાં લાગુ પડતા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રતિબંધો વિશેની સભાનતા જાળવતા અને તેની સાથે સુસંગતતા ધરાવતા હશે.

27.6 સભ્યો જે હીરાની ખરીદ અથવા વેચાણ કરે છે તેવા તમામ કર્મચારીઓને હીરા, વિવાદાસ્પદ હીરાના વેપાર પર સરકારી પ્રતિબંધો, કિમ્બર્લે પ્રકિયા પ્રમાણીકરણ યોજના અને વિશ્વ હીરા પરિષદ વૉરંટીની પ્રણાલી વિશે જણાવશે.

28. વર્ગીકરણ અને મૂલ્યાંકન

28.1 જે સભ્યો સ્વતંત્ર હીરાનાં વર્ગીકરણ અહેવાલ તૈયાર કરતાં હોય તેઓ એ ઓળખ કરશે કે શું કૃત્રિમ અને/અથવા અન્ય સારવારોની તપાસ મૂલ્યાંકનનો ભાગ છે કે કેમ.

28.2 જે સભ્યો છેવાડાના ગ્રાહકો માટે સ્વતંત્ર મૂલ્યાંકન અહેવાલો તૈયાર કરે છે તેઓએ એ વપરાશકર્તાનું નામ કે જેને આ અહેવાલ આપવામાં આવી રહ્યો છે અને મૂલ્યાંકન માટેના હેતૂનું નિવેદન સામેલ કરવું પડશે.

28.3 જે સભ્યો છેવાડાના ગ્રાહકોને હીરા વર્ગીકરણ અહેવાલ અથવા મૂલ્યાંકન અહેવાલ રજૂ કરી રહ્યા છે જે વાજબીપણે સ્વતંત્ર એવો અર્થ ધરાવી શકે છે તેમાં વર્ગીકરણકર્તા અથવા મૂલ્યાંકનકાર દ્વારા ઝવેરાત ઉત્પાદનના વેચાણમાં સંલગ્ન હિત ધરાવતાં હોય તે જાહેર કરશે.

28.4 સભ્યો હીરા, કૃત્રિમ, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઝવેરાત ઉત્પાદનોની વેચાણ કિંમતની આકર્ષકતા વિશે છેવાડાના ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાની વ્યૂહરચના તરીકે વધારીને બતાવેલા ભાવવાળા સ્વતંત્ર મૂલ્યાંકન અહેવાલોનો ઉપયોગ નહીં કરે.

જવાબદાર ખનન (જોગવાઈઓ 29-40)

29. સારસ્વરૂપના ઉદ્યોગોની પારદર્શી પહેલ

29.1 ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો સારસ્વરૂપના ઉદ્યોગોની પારદર્શી પહેલ (ઈઆઇટીઆઇ) પ્રત્યે પ્રતિબદ્ધ રહેશે અને તેના અમલીકરણને ટેકો આપશે.

30. સામુદાયિક સામેલગીરી

30.1 ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો અસરગ્રસ્ત સમુદાયો અને અન્ય સંલગ્ન હિસ્સેદારો સાથે પ્રારંભિક અને ચાલુ રહેતી સામેલગીરીને સ્થાનબદ્ધ કરશે જેઓ:

a. ઉચિત કૌશલ્ય અને સંસાધનોને લાગુ કરે;

b. સમગ્ર પરિયોજનાના જીવનચક્રમાં, શોધ પ્રવૃત્તિઓથી શરૂ કરીને, ખનનની શરૂઆત થાય તે પહેલાંના નિર્માણ, ખાણની કામગીરી દરમિયાનથી, પૂર્ણતા અને પૂર્ણતા પૂર્વના સંચાલન સુધી લાગુ કરે;

c. પરિયોજનાના જોખમો, અસરો, અને વિકાસના તબક્કઓના સંદર્ભમાં અસરગ્રસ્ત સમુદાયો અને અન્ય સંલગ્ન હિસ્સેદારોને ઓળખી કાઢે;

d. પરિયોજનાથી સંલગ્ન માહિતીનાં વિસ્તરણ માટે અને સંકલિત, ન્યાયપૂર્ણ, સાંસ્કૃતિક રીતે યોગ્ય અને અધિકાર-સુસંગત રીતે પ્રતિભાવોની પ્રાપ્તિ માટે અસરકારક સંચારના પગલાં સ્થાપિત કરે;

e. સુમાહિતગાર પરામર્શ દ્વારા, પરિયોજનાનાં જીવનચક્રમાં પ્રમુખ ખનન નિર્ણયોમાં અસરગ્રસ્ત સમુદાયોનાં હિત અને વિકાસ મહત્વાકાંક્ષાઓને ધ્યાન પર લે, અને દરખાસ્તો માટે સમુદાયોના વિસ્તૃત ટેકાની અપેક્ષા રાખે.

30.2 ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો એ બાબતને સુનિશ્ચિત કરશે કે અસરગ્રસ્ત સમુદાયો કામગીરીઓના સ્તરે વિવાદો અંગે અવાજ ઉઠાવવા અને તેના સમાધાન માટે અને અસરગ્રસ્ત સમુદાયો માટે તેમની ઉપલબ્ધતા સંચારિત કરી શકે તે માટે અધિકાર-સુસંગત ફરિયાદ કાર્યપદ્ધતિઓ ધરાવતાં હોય. કરવામાં આવેલી ફરિયાદો, તપાસની પ્રક્રિયાઓ અને પરિણામોની જાળવણી કરવામાં આવશે.

31. સ્થાનિક લોકો અને મુક્ત પૂર્વ-સુમાહિતગાર સંમતિ

31.1 ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો પ્રાંતીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં સુસ્પષ્ટ કરવામાં આવેલ અને વ્યાખ્યાયિત સ્થાનિક લોકોના અધિકારો અને તેમના સામાજીક, સાંસ્કૃતિક, પર્યાવરણીય અને આર્થિક હિતો, જળાશયો અને જમીનો સાથે તેમના જોડાણો સહિતનું સન્માન કરશે.

31.2 ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો અસરગ્રસ્ત લોકોના વ્યાપક ટેકાને પ્રાપ્ત કરવા અને આ ટેકાને ઔપચારિક રીતે દસ્તાવેજીકરણ કરવા, ભાગીદારીઓ અને/અથવા લાભો ઉપલબ્ધ કરાવવા અને અસરોને ઘટાડવા સહિતના પ્રયાસો કરશે.

31.2 નવી ખનન સુવિધાઓ માટે, અથવા પ્રવર્તમાન સુવિધાઓમાં નોંધપાત્ર ફેરફારો કરવા, કે જે નીચે ઓળખી કાઢવામાં

આવેલ કોઇ પણ સંજોગો સાથે સંકળાયેલા હોય:

- પરંપરાગત માલિકીને આધીન અથવા રૂઢિગત ઉપયોગ હેઠળ જમીનો અને કુદરતી સંસાધનો પર અસરો;
- સ્થાનિક લોકોનું પરંપરાગત માલિકીને આધીન અથવા રૂઢિગત ઉપયોગ હેઠળ જમીનો અને કુદરતી સંસાધનો પરથી સ્થાનાંતરણ;
- સ્થાનિક લોકોનાં જીવન માટેની ઓળખ અને/અથવા સાંસ્કૃતિક, ઔપચારિક, અથવા આધ્યાત્મિક પાસાઓ માટે આવશ્યક હોય તેવા જટિલ સાંસ્કૃતિક પાસાઓ પર નોંધપાત્ર અસરો; અથવા
- જ્ઞાન, નવીકરણો અથવા વાણિજ્યિક હેતૂઓ માટે સ્થાનિક લોકોની પદ્ધતિઓ સહિત, સાંસ્કૃતિક વારસાનો ઉપયોગ;

ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ (આઇએફસી) કાર્યદેખાવ માનક 7માં વર્ણવ્યા મુજબ:

a. વિશ્વાસપૂર્વકની વાટાઘાટો પર આધારિત આંતરરાષ્ટ્રીય ઓળખ પ્રાપ્ત માનવ અધિકારોનું સન્માન કરીને તેમની પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયાઓની સાથે સાતત્ય ધરાવવાના પ્રયાસો સાથેની પ્રક્રિયા દ્વારા, આયોજન અને મંજૂરીના તબક્કાઓ દરમિયાન અસરગ્રસ્ત સ્થાનિક લોકોની મુક્ત, પૂર્વ અને સુમાહિતગાર સંમતિ પ્રાપ્ત કરવા કાર્ય કરશે; અને

b. સભ્ય અને અસરગ્રસ્ત સ્થાનિક લોકો, અને સંલગ્ન સરકારી સત્તામંડળોની વચ્ચે પરસ્પર સ્વીકૃત પ્રક્રિયાને અને વાટાઘાટોનાં પરિણામ તરીકે પક્ષકારો વચ્ચેના કરારોના પુરાવાના દસ્તાવેજ તૈયાર કરશે.

32. અસરોની આકારણી

32.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો આયોજન અને નવી ખનન સુવિધાઓની મંજૂરી અથવા પ્રવર્તમાન સુવિધાઓમાંનોંધપાત્ર ફેરફારો દરમિયાન, પર્યાવરણીય અને સામાજિક અસર, અને સંકળાયેલી પર્યાવરણીય અને સામાજિક વ્યવસ્થાપન યોજનાઓની આકારણી પૂર્ણ કરશે.

32.2 અસરોની આકારણી સર્વગ્રાહી, પ્રકૃતિને અને પરિયોજનાના માપને યોગ્ય રહેશે અને સામૂહિક રીતે નીચેની આકારણીઓને આવરી લેશે:

- આધારરેખાની પરિસ્થિતિઓ,
- અને જ્યાં લાગુ પડતા હોય ત્યાં, સંરચનાના વિકલ્પોને કે, જે નકારાત્મક અસરોને ઘટાડે, અને
- માનવ અધિકારો, શ્રમ અને રોજગાર, લિંગ, આરોગ્ય અને ઘર્ષણ સંબધિત અસરો સહિત, પર્યાવરણીય અને સામાજિક અસરો.

32.3 અસરોની આકારણીમાં અસરગ્રસ્ત સમુદાયો અને હિસ્સેદારો અને યોગ્ય વિષય નિષ્ણાત તજજ્ઞોનો સમાવેશ થતો હશે.

33. કુશળ કામદાર અને નાના પાયે ખનન

33.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, જ્યાં કુશળ કામદાર અને નાના પાયે ખનન(એએસએમ) સભ્યનાં નિયંત્રણ હેઠળ તેમના પોતાના કાર્યક્ષેત્રમાં ન હોય:

a. સભ્યના સમુદાયની સામેલગીરીના અભિગમો (30)ના અને સામાજિક અને પર્યાવરણીય અસરોની આકારણીઓ (32)ના ભાગરૂપે એએસએમ સાથે પ્રત્યક્ષ રીતે સામેલ થશે;

b. બહુવિધ-હિસ્સેદારોની પહેલ સહિતની પહેલોમાં સહભાગી બનશે, જે એએસએમના વ્યાવસાયિકરણ અને ઔપચારિકરણને, પરિસ્થિતિને અનુકૂળ આવે તે રીતે સક્ષમ બનાવશે.

34. પુનર્વસન

34.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો બિનસ્વૈચ્છિક પુનર્વસનને ટાળશે. જ્યાં પુનર્વસન ટાળી શકાય તેમ ન હોય, ત્યાં આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ(આઇએફસી) કાર્યદેખાવ માનક 5ને સુસંગત હોય તે રીતે, પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટેના સંભાળપૂર્વક આયોજન અને અમલીકરણ માટેના ન્યૂનતમ અને યોગ્ય પગલાં ભરશે.

35. આપાતકાલીન પ્રતિભાવ

35.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો સંભવિત અસરગ્રસ્ત સમુદાયો, કામદારો અને તેમનાં પ્રતિનિધિઓ અને સંલગ્ન એજન્સીઓના સહયોગમાં, યુએનઈપી દ્વારા ખનન માટેની સ્થાનિક સ્તર પર કટોકટીઓ માટેની સભાનતા અને તૈયારી (એપીઈએલએલ) પર આપવામાં આવેલ માર્ગદર્શન અન્વયે આપાતકાલીન પ્રતિભાવ યોજનાઓ વિકસિત કરશે અને તેની જાળવણી કરશે.

36. જૈવવિવિધતા

36.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો વિશ્વ સાંસ્કૃતિક વારસાના સ્થળો પર શોધ અથવા ખનન નહીં કરે અને એ સુનિશ્ચિત કરશે કે તેમની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ રીતે વિશ્વ સાંસ્કૃતિક વારસાના સ્થળોને અડીને નકારાત્મક અસરો ઉભી ન કરે.

36.2 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોનું એ ખાતરી કરીને સન્માન કરશે કે:

a. સભ્યો કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોને ઓળખવાની પ્રક્રિયા ધરાવે છે.

b. સભ્યો આ વિસ્તારો માટે જવાબદાર કોઇ પણ નિયમો, કરારો કે વચનોનું પાલન કરે છે.

c. શોધ, વિકાસ, કામગીરી અને સમાપ્તિની પ્રવૃત્તિઓ સાથે આગળ વધવાના નિર્ણયોને કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોની હાજરીમાં, અને તેના પરની અસરો સાથે લેવામાં આવે.

36.3 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો તેમની કામગીરીઓ દ્વારા અસરગ્રસ્ત મુખ્ય જૈવવિવિધતા ધરાવતાં વિસ્તારોની ઓળખ સ્થાપિત કરશે અને :

a. જૈવવિવિધતા અને પારિસ્થિતિક સેવાઓ પર અસરોને ટાળવા, પુનર્વસન અથવા સરભર કરવા ઘટાડાની પ્રક્રિયાના ક્રમનો ઉપયોગ કરશે;

b. માપણી યોગ્ય જૈવવિવિધતા લાભોને વિતરિત કરવા કે જે ઓછામાં ઓછાં પ્રતિકૂળ અસરોનાં સ્તર સાથે અનુકૂળ હોય અને આદર્શ રીતે ચોખ્ખી હકારાત્મક અસરો ઉપલબ્ધ કરાવતી હોય, કાર્ય યોજનાઓનો અમલ કરશે;

c. જટિલ વસાહતોના વિસ્તારોમાં, સુનિશ્ચિત કરશે કે જેના માટે વસાહતને નિયુક્તિ આપવામાં આવી છે તેના માટેના

માપદંડો પર કે તે માપદંડોને આધાર આપતી પારિસ્થિકતંત્રની પ્રક્રિયાઓ પર કોઈ પ્રતિકૂળ અસરો ન થાય.

36.4 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો એ સુનિશ્ચિત કરવા માટે નિયંત્રણોનો અમલ કરશે કે તેમની કામગીરીઓ આયુસીએન દ્વારા લુપ્તતાના આરે થવાની તૈયારી માટેની બનાવવામાં આવેલ યાદીની પ્રજાતિઓના નોંધપાત્ર ઘટાડા તરફ ન લઈ જાય, અથવા તેમના અસ્તિત્વને આધારભૂત જટિલ વસાહતો પર પ્રતિકૂળ અસર ઉભી ન કરે.

36.5 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, જ્યારે દરિયાના ઉંડા વિસ્તારોમાં શોધ અથવા ખનન પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યાં હોય ત્યારે, તેઓ એ સુનિશ્ચિત કરશે કે તેમાં તેમની પ્રવૃત્તિઓ સંભવિત અસરોના પૂરતું વૈજ્ઞાનિક જ્ઞાન હોય, અને તે પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટે નિયંત્રણોનો અમલ કરી શકાય.

37. અશુદ્ધિઓ અને ખરાબ ખડક

37.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો ખાણ અશુદ્ધિઓ અને ખરાબ પથ્થરોની ભૌતિક અને ભૂરસાયણ લાક્ષણિકતાઓની તપાસ હાથ ધરશે.

37.2 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો નીચેની બાબતો માટે તમામ અશુદ્ધિઓ અને ખરાબ ખડક સુવિધાઓ અને આધારભૂત માળખાઓની સંરચના, નિર્માણ, જાળવણી, સંચાલન, સમાપ્તિ કરશે:

a. માળખાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા, અને, જ્યાં લાગુ પડતા હોય, સ્રાવ નિયંત્રિત કરવા;

b. ખાણની કામગીરી અને સમાપ્તિ-પશ્ચાત દરમિયાન એસિડીકરણ, ધાતુઓનું ધોવાણ, દૂષણોની સમાપ્તિ અથવા દૂષણો સહિત ભૂમિગત જળનાં દૂષણની પ્રતિકૂળ અસરોથી આસપાસનાં પર્યાવરણ અને સ્થાનિક સમુદાયોને સંરક્ષિત કરવા;

c. જો અસરો ઓળખવામાં આવે તો યોગ્ય શમન અથવા ઉપચારનો અમલ કરવા.

37.3 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો અશુદ્ધિઓ અથવા ખરાબ ખડકો નદી દ્વારા નિકાલનો ઉપયોગ નહીં કરે.

37.4 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો જમીન-આધારિત ખનન સુવિધાઓમાંથી અશુદ્ધિઓ અથવા ખરાબ ખડકોના નિકાલ માટે દરિયાઈ અથવા તળાવનો ઉપયોગ નહીં કરે, સિવાય કે:

a. વૈજ્ઞાનિક રીતે માન્ય વિગતોના ઉપયોગ દ્વારા, વિકલ્પોના એક સંપૂર્ણ પર્યાવરણીય અને સામાજિક વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યો હોય જે એ દર્શાવે કે અશુદ્ધિઓ અને ખરાબ પથ્થરોના દરિયાઈ અથવા તળાવ દ્વારા કરવામાં આવતાં નિકાલ જમીન-આધારિત અશુદ્ધિઓની સુવિધાઓ કરતાં ઓછાં પર્યાવરણીય અને સામાજિક અસર અને જોખમો ધરાવતી હોય, અને

b. વૈજ્ઞાનિક રીતે એ દર્શાવી શકાય કે દરિયાકાંઠા અથવા દરિયાઈ પ્રજાતિઓ અને વસાહતો પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર નથી કરતી, અને

c. ત્યાં, સંચિત અસરો સહિત, અને શમનની યોજના માટે બનાવવામાં આવેલી જોગવાઈઓ માટે લાંબા-ગાળાના અસર સંચાલન હોય.

38. સાયનાઇડ

38.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સોનાની પુન:પ્રાપ્તિ માટે સાયનાઇડનો ઉપયોગ કરતાં સભ્યો સુનિશ્ચિત કરશે કે લાગુ પડતા સ્થળો આંતરરાષ્ટ્રીય સાયનાઇડ વ્યવસ્થાપન કોડ માટે પ્રમાણિત હોય.

39. પારો) મર્ક્યુરી (

39.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો જ્યાં પારો વેચાણપાત્ર ઉત્પાદનો, પેટા-પેદાશો અથવા ઉત્સર્જનોનો સમાવેશ થાય છે ત્યાં જવાબદાર વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવશે જે ઓછામાં ઓછી નિયંત્રણ માટેના લાગુ પડતા કાયદાનું પાલન કરતાં હોય અને જ્યાં શક્યતા હોય, તકનીકી અને પર્યાવરણીય બાબતોને ધ્યાનમાં લઈને શ્રેષ્ઠ ઉપલબ્ધ તકનીકો અથવા શ્રેષ્ઠ પર્યાવરણીય પદ્ધતિઓના ઉપયોગ દ્વારા પારાના ઉત્સર્જનને ઘટાડશે.

39.2 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો કે જેઓ કુશળ કામદાર અને નાના પાયે ખનન અને પ્રક્રિયાત્મક પ્રવૃત્તિઓમાં પારાનો ઉપયોગ કરતાં હોય તેઓ પારા અને પારાનાં સંયોજનને અને આ પ્રકારના ખનન અને પ્રક્રિયાઓમાંથી, પર્યાવરણમાં ઉત્સર્જિત પારાના નિયંત્રણ, શમન અને જ્યાં શક્ય હોય ત્યાં તેને ખતમ કરવાના પગલાં લેશે. સભ્યો સમગ્ર કાચી ધાતુના એકીકરણ, એકીકરણ અથવા પ્રક્રિયા કરેલા એકીકરણને ખૂલ્લામાં બાળશે નહીં અને એકીકરણને રહેણાંક વિસ્તારોમાં બાળશે નહીં; અને પથ્થરો, કાચી ધાતુ અથવા અશુદ્ધિઓ કે જેમાં પારાને ઉમેરવામાં આવ્યાં હોય તેમાં પ્રથમ પારાને દૂર કર્યા વગર સાયનાઇડ ગાળણને બાળશે નહીં.

40. ખાણ પુનર્વસન અને સમાપ્તિ

40.1 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધાના સંબંધમાં ખાણ પુનર્વસન અને સમાપ્તિ યોજનનાની સમીક્ષા કરશે. નવી સુવિધાઓને શરૂઆતથી જ સમાપ્તિ યોજનાની જરૂર રહે છે અને પ્રવર્તમાન નવી સુવિધાઓએ શક્ય તેટલાં વહેલાં એક સર્વગ્રાહી યોજના સ્થાનબદ્ધ કરવાની જરૂર રહે છે.

40.2 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધાઓના સંદર્ભમાં સ્થાનિક લોકો, સમુદાયો, એએસએમ, કર્મચારીઓ અને નિયંત્રકો સહિત સ્થાનિક હિસ્સેદારો સાથે ખાણની સમાપ્તિ અને પુનર્વસન યોજના માટે સામેલ થવું જોઇએ.

40.3 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધા માટે ખાણ પુનર્વસન અને સમાપ્તિ યોજનાનાં અમલીકરણ માટેના ખર્ચના અંદાજ કાઢશે અને સમાપ્તિની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના પર્યાપ્ત સંસાધનોની ઉપલબ્ધતાની ખાતરી માટેની નાણાકીય જોગવાઈઓને સ્થાનબદ્ધ કરશે.

40.4 ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો ખાણ સમાપ્તિની આયોજન પ્રક્રિયામાં સાતત્યપૂર્ણ મૂળ પારિસ્થિતિતંત્ર, અથવા અન્ય ખાણ-પશ્ચાતના વિકસિત ઉપયોગોને મુખ્ય હિસ્સેદારોની સાથે સામેલગીરી દ્વારા સ્થાપિત કરવા માટે, ખાણ સુવિધાઓ દ્વારા ખલેલ અથવા કબજો ધરાવતાં પર્યાવરણના પુનર્વસન માટે તકનીકોનો ઉપયોગ કરશે.

મહત્ત્વના સંદર્ભો

આરજેસી વ્યવહાર સંહિતા જવાબદાર કાર્યપદ્ધતિના માનકોની ઓળખ, સુસંગતતા અને ઉચીત હોય ત્યાં અન્ય પહેલો સાથે અનુકૂલન સાધવાનો હેતુ ધરાવે છે. વ્યવહાર સંહિતાના વિકાસમાં જે આંતરરાષ્ટ્રીય ધોરણોનો સંદર્ભ ટાંકવામાં આવ્યો છે તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- એલાયન્સ ફોર રિસ્પોન્સીબલ માઇનિંગ વિઝન અને પ્રિન્સીપલ્સ ફોર રિસ્પોન્સીબલ આર્ટિસનલ એન્ડ સ્મોલ સ્કેલ માઇનિંગ;
- સ્થાનિક સ્તરે માઇનિંગ માટે અવેરનેસ એન્ડ પ્રિપેર્ડનેસ ફોર ઇમર્જન્સીસ)એપીઈએલએલ);
- જોખમી કચરો અને તેમના નિકાલના ટ્રાન્સબાઉન્ડ્રી ઝુંબેશનાં નિયંત્રણ પર બેઝલ કન્વેન્શન;
- નૈતિક વ્યાપાર પ્રયત્ન-બેઝ કોડ;
- ધાતુ કાઢતા ઉદ્યોગોમાં પારદર્શકતાનો પ્રયત્ન;
- યોગ્ય શ્રમ સંગઠન વ્યવહાર સંહિતા અને પાલન માપદંડો;
- નાણાંની હેરફેર અને આતંકવાદ ધિરાણ વિરુદ્ધ ફાઇનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (એફએટીએફ);
- વૈશ્વિક અહેવાલ પ્રયત્ન;
- ખાનગી સલામતી સેવા પૂરી પાડનારાઓ માટે આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતા (આઈસીઓસી);
- માઇનિંગ અને ધાતુઓના ટકાઉ વિકાસ સિદ્ધાંતો પરની આંતરરાષ્ટ્રીય સમિતિસ્થિતિ અહેવાલો અને માર્ગદર્શન , દસ્તાવેજો;
- આંતરરાષ્ટ્રીય સાઇનાઇડ મેનેજમેનેટ કોડ;
- ગ્રેડિંગ પોલીશ્ડ ડાઇમંડ્સ માટે આંતરરાષ્ટ્રીય ડાયમંડ કાઉન્સિલ (2010);
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન કામગીરી ધોરણો (આઇએફસી)(2012);
- કાર્યમાં ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન બાળ) કામ કરવાના સ્થળે મૂળભૂત અધિકારો (આઇએલઓ)મજૂરી , (અને સંગઠન અને સામૂહિક સોદાબાજી (વેઠ અને ફરજિયાત મજૂરી અને કાર્યસ્થળે ભેદભાવ;
- કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ અને હીરાના શિપમેન્ટ માટે વર્લ્ડ ડાયમંડ કાઉન્સિલ સિસ્ટમ ઓફ વોરંટીઝ;
- બહુરાષ્ટ્રીય સાહસો સામે ઓઈસીડી માર્ગદર્શિકાઓ (2011);
- તકરારોથી અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઈસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન (2010) અને સોના પરનું સપ્લિમેન્ટ (2012);
- સોશિયલ એકાઉન્ટેબિલીટી ઇન્ટરનેશનલ SA8000:2008;
- પેદાશની વિશ્વસનીયતા અને સ્પષ્ટતા માટેના વર્લ્ડ જ્વેલરી કોન્ફેડરેશન નિયમનો (સીઆઇબીજીઓ);
- મૂળ વસ્તીના હક્કો પર યુનાઇટેડ નેશન્સ ડિક્લેરેશન;
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ;
- કારોબાર અને માનવ અધિકારો પર યુનાઇટેડ નેશન્સના માર્ગદર્શક સિદ્ધાંતો;
- ખાસ કરીને મહિલો અને બાળકો સહિત વ્યક્તિઓની નિંદનીય હેરફેર કરનારાઓને રોકવાદબાવી દે ,વા અને શિક્ષા કરવા યુનાઇટેડ નેશન્સ પ્રોટોકોલ;
- આર્થિકસામાજિક અને સાંસ્કૃતિક હક્કો પરની આંતરરાષ્ટ્રીય કવનન્ટ , (આઈસીઈએસસીઆર)અને બાળકના , સીઆરસી) અધિકારો પરનું કન્વેન્શન) સહિત યુનાઇટેડ નેશન્સ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ કોર હ્યુમન રાઇટ્સ કન્વેન્શન (આઈસીસીપીઆર);

- મૂળ વસ્તીના હક્કો પરનું યુનાઇટેડ નેશન્સ ડિક્લેરેશન;
- સલામતી અને માનવ અધિકારો પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો;
- જોખમમાં મૂકાયેલી જાતોનું ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ કંઝર્વેશન ઓફ નેચર આઈયુસીએન)) રેડ લિસ્ટ;
- વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન.

પારિભાષિક શબ્દકોષ

કૃપા કરીને આરજેસી વ્યવહાર સંહિતા અને સમર્થિત દસ્તાવેજોમાં વપરાયેલા શબ્દો અને ટૂંકા શબ્દો માટે નીચે જણાવેલ પારિભાષિક શબ્દકોષ જુઓ:

ઓળખપત્ર	પ્રમાણીકરણ ઓડિટ્સ હાથ ધરવા અને માનકોનું મૂલ્યાંકન કરવા ઓડિટરની ક્ષમતાને માન્યતા.
એપીઇએલએલ	સ્થાનિક સ્તરે આપાતકાલીનની જાગૃતતા અને કટોકટી સજ્જતા
લાગુ પડતો કાયદો	સભ્ય કામ કરે છે તે દેશ અથવા દેશોના આંતરરાષ્ટ્રીય અને/અથવા રાષ્ટ્રીય અને/અથવા રાજ્ય અને/અથવા સ્થાનિક કાયદાઓ. તેમાં કાયદાઓ, નિયમનો અને કાનૂની નીતિઓનો સમાવેશ થઇ શકે છે, પરંતુ મર્યાદિત નથી. જ્યારે લાગુ પડતા કાયદા અને આરજેસી વ્યવહાર સંહિતા વચ્ચે જ્યારે ઘર્ષણ ઊભો થાય છે ત્યારે લાગુ પડતો કાયદો અગ્રતા ધરાવે છે.
મૂલ્યાંકન અહેવાલ	ઓળખ, મિશ્રણ અને ઝવેરાત ચીજની ગુણવત્તા પરના આધારે નાણાકીય મૂલ્યનું દસ્તાવેજિત મંતવ્ય.
એએસએમ	કુશળ કામદાર અને નાના પાયે ખનન
કુશળ કામદાર અને નાના પાયે ખનન	એક્સપ્લોરેશન, ઉત્ખનન, પ્રક્રિયા અને પરિવહનના વિશિષ્ટ સરળ સ્વરૂપ સાથેની ઔપચારિક કે બિનઔપચારિક કામગીરીઓ. એએસએમ સામાન્ય રીતે ઓછી મૂડીની જરૂર પડે છે અને તીવ્ર શ્રમપ્રધાન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. એએસએમમાં વ્યક્તિગત ધોરણે તેમ જ પારિવારિક જૂથમાં કામ કરનારાઓ, ભાગીદારીમાં અથવા સહકારી સંસ્થાના સભ્ય, અન્ય પ્રકારના કાનૂની સંગઠનો અને સો કે હજારો ખાણીયાઓને ધરાવતા સાહસોનો સમાવેશ કરી શકે છે. *[સ્રોત: ઘર્ષણગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઇસીડી ડ્યૂ ડિલીજન્સ માર્ગદર્શન અને સોના પરનું સપ્લિમેન્ટ].*
આકારણી માર્ગદર્શિકા	સ્વ મૂલ્યાંકન અને ચકાસણી મૂલ્યાંકનો કેવી રીતે હાથ ધરવા તે અંગેની સભ્યો અને ઓડીટરો માટેની સૂચનાઓ.
આકારણીકર્તા	સ્વ મૂલ્યાંકન માટે સભ્ય દ્વારા નિયુક્ત કરાયેલા કર્મચારી(ઓ) અથવા વ્યક્તિ(ઓ).
ઓડિટ	આરજેસી માનક પર સભ્યની રીતભાતોની સમાનુરૂપતાને સમર્થન આપવાના હેતુ માટે સ્વતંત્ર ત્રાહિતપક્ષ આરજેસી માન્ય સંસ્થા દ્વારા હાથ

	ધરાયેલ મૂલ્યાંકન. ઓડિટના પ્રકારમાં પ્રમાણીકરણ ઓડિટ્સ, મધ્ય ગાળાની સમીક્ષાઓ અને પુનઃપ્રમાણીકરણ ઓડિટોનો સમાવેશ થાય છે.
ઓડિટ યોજના	કોના દ્વારા અને ક્યારે, તેમજ કઇ સુવિધામાં સભ્યની કારોબાર રીતભાતની સમીક્ષા કરવામાં આવશે તેની રૂપરેખા ઓડિટર દ્વારા તૈયાર કરવામાં આવે છે, અને કયા સભ્ય કર્મચારીને સામેલ કરવો જોઇએ તેની નિમણૂક કરે છે. તેની રચના ખરાઈ અવકાશની વ્યાખ્યા પરથી કરવામાં આવી છે.
ઓડિટ અવકાશ	ઓડિટના અવકાશની ઓડિટરો દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે અને તેમાં પ્રમાણીકરણ અવકાશમાંથી સુવિધાઓ અને કારોબાર પ્રવૃત્તિઓની પસંદગી અને સભ્યના કારોબારના સ્વભાવ, પ્રમાણ અને અસરને ધ્યાનમાં લેતા વ્યવહાર સંહિતામાંથી સૌથી વધુ સુસંગત ગણવામાં આવે છે તેવી જોગવાઇઓની પસંદગીનો સમાવેશ થાય છે.
ઓડિટ અહેવાલો	ઓડિટર દ્વારા બનાવાયેલા અને સભ્યો અને આરજેસીને રજૂ કરવામાં આવેલા ઓડિટ અહેવાલો. વધુ માહિતી આરજેસી મૂલ્યાંકન મેન્યુઅલમાં સામેલ કરવામાં આવી છે.
ઓડિટર	સ્વતંત્ર, ત્રાહિત વ્યક્તિ અથવા સંસ્થાઓ કે જે આરજેસીના ઉદ્દેશ પસંદગી માપદંડોને સંતોષતા હોય અને ખરાઈ હાથ ધરવા માટેની માન્યતા ધરાવતા હોય.
જૈવવૈવિધ્યતા	સ્થળચર, જળચર અને અન્ય જલીય નિવસનતંત્ર સહિત તમામ સ્ત્રોત અને તેઓ જેનો હિસ્સો છે તે પરિસ્થિતિકીય સંકુલોના સજીવોમાં વિવિધતા, જેમાં જાતિની અંદર વિવિધતા, જાતિઓની વચ્ચે વિવિધતા અને નિવસનતંત્રની વિવિધતાનો સમાવેશ થાય છે.
લાંચ	અનુચિત લાભની દરખાસ્ત કરવી, વચન આપવું અથવા આપવું તેમજ માગણી કરવી અથવા સ્વીકાર કરવો, ચાહે તે સીધી રીતે હોય કે આડકતરી રીતે, કોઇને હોય કે કોઇની પાસેથી હોયઃ: • જાહેર અધિકારી; • રાજકીય ઉમેદવાર, પક્ષ અથવા અધિકારી અથવા • ખાનગી ક્ષેત્રનો કોઇ પણ કર્મચારી (જે વ્યક્તિ કોઇ પણ મર્યાદામાં ખાનગી ક્ષેત્ર માટે નિર્દેશો આપે છે અથવા કામ કરે છે તે સહિતની વ્યક્તિ).
કારોબાર પ્રવૃત્તિઓ	હીરાઓ, સોનું અને /અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓનાં ઝવેરાત પુરવઠા શૃંખલામાં કામના દેખાવને લગતા કાર્ય, ભૂમિકા, કામગીરી અથવા સેવા જેનું નિયંત્રણ સભ્ય દ્વારા થાય છે. સભ્યની સુવિધા ખાતે કારોબારને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરાતી હોય કે ન હોય.
કારોબાર ભાગીદારો	જે તે સંસ્થા કે કારોબાર સાહસ કે જેની સાથે જે તે સાહસ સીધો કારોબાર સાથે સંબધ ધરાવતુ હોય અને તે એવી પેદાશ અથવા સેવાની ખરીદી અને/અથવા વેચાણ કરતું હોય જે હીરા, સોનું અને/પ્લેટિનમ જૂથની

	ધાતુના ઝવેરાત પેદાશોના ઉત્ખનન, ઉત્પાદન અને વેચાણમાં સીધું યોગદાન આપતા હોય. શંકા દૂર કરવા માટે, તેમાં કોન્ટ્રેક્ટરો, એજન્ટો, ગ્રાહકો, સપ્લાયરો અને સંયુક્ત સાહસના ભાગીદારોનો સમાવેશ થાય છે. તેમાં એવા સાહસોનો સમાવેશ થાય છે કે જે વ્યવહાર સંહિતાના વિભાગો સંબંધિત સેવાઓ પૂરી પાડતા હોય જેમ કે સલામતી પૂરી પાડનારાઓ અને ભરતી અજન્સીઓ, અથવા જોખમ મૂલ્યાંકન મારફતે અને ડ્યૂ ડિલીજન્સની શરતે લાગુ પડતા કાયદા હેઠળનાં સાહસો. તે ઉપભોક્તાઓ અથવા સાહસો કે જે સામાન્ય ટેકો આપતી આ પેદાશો અને સેવાઓ પૂરી પાડતા હોય, ઉદાહરણ કરીકે ઓફિસ સાધનો અને ઉપયોગીતા પૂરી પાડતા હોય તેનો સમાવેશ થતો નથી.
પ્રમાણીકરણ	માન્ય ઓડિટર દ્વારા પ્રમાણીકરણ ઓડિટના પરિણામોને આધારે આરજેસીનું તે સાક્ષ્યાંકન કે, સભ્યએ વ્યવહાર સંહિતા અંતર્ગત સમાનુરૂપતા જરૂરી સ્તર પ્રાપ્ત કરી લીધું છે.
પ્રમાણીકરણ ઓડિટ	પ્રમાણીકરણ ઓડિટમાં નીચેનાનો સમાવેશ થાય છે: • સભ્યની સ્વ મૂલ્યાંકન પ્રશ્નાવલિ અને અન્ય સંબધિત માહિતીની પ્રાથમિક ડેસ્કટોપ સમીક્ષા; • મુલાકાત કરવામાં આવનારી અને મૂલ્યાંકન હાથ ધરાનારી સભ્યની સવલતો અને કારોબારની પ્રવૃત્તિઓના નમૂનારૂપ સેટની પસંદગી; • સવલતોના પસંદ કરાયેલા નમૂના ખાતે ઓન સાઇટ સમીક્ષા મારફતે સભ્યના સ્વ મૂલ્યાંકનની ચકાસણી.
પ્રમાણીકરણનો ગાળો	એવો સમયગાળો કે જ્યાં સુધી પ્રમાણીકરણ માન્ય હોય, ત્યાર બાદ પ્રમાણીકરણને નવા પ્રમાણીકરણ ઓડિટ મારફતે રિન્યુ કરાવવાની રહેશે. પ્રમાણીકરણનો ગાળો પ્રમાણીકરણ ઓડિટના તારણોના આધારે એક વર્ષથી ત્રણ વર્ષ સુધીનો હોય છે.
પ્રમાણીકરણ અવકાશ	પ્રત્યેક સભ્યના પ્રમાણીકરણ અવકાશમાં તે સાહસો, સવલતો અને કારોબારની પ્રવૃત્તિઓનો, કે જે હીરા, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુ પુરવઠા શૃંખલામાં સક્રિય રીતે યોગદાન આપતા હોય તેનો સભ્યના અંકુશ હેઠળ સમાવેશ કરવો આવશ્યક છે.
પ્રમાણિત સભ્ય	એવો સભ્ય કે જેને આરજેસી દ્વારા તેના કારોબારના આચરણો, વ્યવહાર સંહિતા સાથે સમાનુરૂપતા જરૂરી ધોરણને પરિપૂર્ણ કરવા માટે ઓડિટર દ્વારા ચકાસણી મારફતે માલૂમ પડ્યા હોય.
બાળક/બાળકો	18 વર્ષથી નીચેની પ્રત્યેક વ્યક્તિ સિવાય, બાળકને લાગુ પડતા કાયદા હેઠળ, અગાઉથી બહુમતી પ્રાપ્ત કરી લેવામાં આવી છે. *[સ્રોતઃ બાળકના અધિકાર પરનું કન્વેન્શન (સીઆરસી).]* બાળ મજૂરની વ્યાખ્યા પણ જુઓ.
બાળ મજૂરી	એવું કામ કે જે બાળકને તેમના બાળપણ, તેમની ક્ષમતા અને તેમની પ્રતિષ્ઠાથી વંચિત રાખતું હોય અને જે શારીરિક અને માનસિક વિકાસ માટે નુકસાનકારક હોય.

	તે એવા કાર્યો તરફ નિર્દેશ કરે છે: • જે માનસિક રીતે, શારીરિક રીતે, સામાજિક રીતે અથવા નૈતિક રીતે જોખમી હોય અને બાળકોને નુકસાનકારક હોય; અને • જેના દ્વારા તેમની શાળાકીય પ્રવૃત્તિમાં વિક્ષેપ પડતો હોય: • શાળામાં હાજરી આપવાની તકથી તેમને વંચિત રાખતું હોય; • અપરિપક્વ રીતે તેમને શાળા છોડી દેવા માટે ફરજ પડાતી હોય; અથવા • વધુ પડતા લાંબા કામ અને સખત કામ સાથે શાળામાં હાજરી આપવા માટે તેમને પ્રયત્ન કરવાની જરૂર પડતી હોય. *[સ્રોત: આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન 'બાળ મજૂર શું છે', http://www.ilo.org/ipec/facts/lang--en/index.htm].* જોખમી બાળ મજૂરી અને બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોની વ્યાખ્યાઓ પણ જુઓ.
વ્યવહાર સંહિતા (સીઓપી)	ધોરણોનો સેટ કે જે જવાબદાર નૈતિક, માનવ અધિકારો, સામાજિક અને પર્યાવરણીય આચરણો કે જે દરેક આરજેસી સભ્યોને હીરા, સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુના ઝવેરાત પુરવઠા શૃંખલામાં લાગુ પડતા હોય.
સામૂહિક સોદાબાજી	એવી પ્રક્રિયા કે જેના દ્વારા રોજગારી પૂરી પાડનારાઓ (અથવા તેમની સંસ્થાઓ) અને કામદારોના સંગઠનો (અથવા તેમની ગેરહાજરીમાં મુક્ત રીતે નિયુક્ત કરાયેલા કામદારોના પ્રતિનિધિઓ) કાર્યની શરતો અને નિયમો લાગુ પડતા કાયદા અનુસાર વાટાઘાટ કરે છે.
સામૂહિક સોદાબાજી કરાર	કાયદેસરનો લાગુ પડતો કંપનીના સંચાલન અને તેના કર્મચારીઓ વચ્ચેનો લેખિત કરાર, કે જેનું પ્રતિનિધિત્વ મજદૂર યુનિયન અથવા સમકક્ષ દ્વારા કરાઇ હોય, જે કાર્યની શરતો અને નિયમો નક્કી કરતો હોય. સામૂહિક સોદાબાજી કરારો લાગુ પડતા કાયદાનું પાલન કરતા હોય તે આવશ્યક છે.
સમુદાય	આ શબ્દ સામાન્ય રીતે, જે કંપનીની પ્રવૃત્તિઓથી માઠી અસર પામેલા નજીકના અને આસપાસના રહીશોને લાગુ પડે છે; આ અસરો આર્થિક અને સામાજિક તેમજ પર્યાવરણીય હોઇ શકે છે.
સામુદાયિક વિકાસ	એવી પ્રક્રિયા કે જેના દ્વારા લોકો તેમના સમુદાયોની મજબૂતાઇ અને અસરકારકતામાં વધારો કરે છે, તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરતી હોય, નિર્ણયો લેવામાં તેમની ભાગીદારીમાં વધારો કરતી હોય અને તેમના જીવન પર લાંબા ગાળે અંકુશ પ્રાપ્ત કરતી હોય. આવું સમુદાયોને બદલે સ્થાનિક પ્રજાની જરૂરિયાતો અને અગ્રિમતાઓનું પ્રતિબિંબ પાડીને કરી શકાય છે.
સામુદાયિક સામેલગીરી	સામુદાયિક મુદ્દાઓ અને અગ્રિમતાઓ તેમજ કારોબારની જરૂરિયાતોની ચિંતાઓને આવરી લેતી બેતરફી માહિતીની આપલે અને નિર્ણય લેવાની પ્રક્રિયા. ફક્ત સાંભળવાને બદલે અરસપરસની સમજૂતી અને દરેક પક્ષકારોની જવાબદારીપૂર્ણતાની ખાતરી કરવી જેથી દરેકને સંબંધિત

	અસર થવાની શક્યતા છે તેવા નિર્ણયોનું સંચાલન કરવામાં સુગમતા રહે.
ઘર્ષણ	સશસ્ત્ર આક્રમણ, વ્યાપક રીતે ફેલાયેલી હિંસા અને/અથવા માનવ અધિકારોનો વ્યાપક દુરુપયોગ.
ઘર્ષણથી અસરગ્રસ્ત વિસ્તારો	એવો વિસ્તાર કે જ્યાં સતત ઘર્ષણ થતો રહેતો હોય. આ વિસ્તાર પ્રદેશ, દેશ, દેશમાંનો વિસ્તાર અથવા એવો વિસ્તાર કે જે એક અથવા વધુ દેશની સરહદોને વટાવતો હોય તેવો હોઇ શકે છે. જો તે ઘર્ષણ અસરગ્રસ્ત વિસ્તારમાં સ્થિત હોય તો, કામગીરીઓ ઘર્ષણમાં સામેલ હોય તે જરૂરી નથી.
ઘર્ષણ હીરો	બળવાખોર ચળવળો અને તેમના સહયોગીઓ દ્વારા સંબંધિત યુનાઇટેડ નેશન્સ સલામતી કાઉન્સિલ (યુએનએસસી)માં વર્ણવવામાં આવેલ છે તે રીતે કાયદેસરની સરકાર પર દબાણ લાવવા માટે ઘર્ષણના ઉદ્દેશથી ધિરાણ કરવા માટે ઉપયોગમાં લેવાતા કાચા હીરા, જો કે તે ભવિષ્યમાં ગ્રહણ કરવામાં આવનારા અન્ય યુએનએસસી ઠરાવોમાં અસરમાં છે અને તેને ભવિષ્યમાં શક્યતઃ ગ્રહણ કરવામાં આવનારા યુનાઇટેડ નેશન્સ સામાન્ય સભા ઠરાવ (યુએનજીએ) ઠરાવ 55/56 અને સમાન પ્રકારના યુએનજીએ ઠરાવોમાં સ્વીકૃત્તિ આપી હોવાનું મનાય છે.[સ્ત્રોતઃ *કિમ્બર્લી પ્રોસેસ સર્ટીફિકેશન સ્કીમ*].
સુસંગતતા	નીતિઓ, વ્યવસ્થાઓ, કાર્યપ્રણાલિઓ અને પ્રક્રિયાઓ સહિતની સભ્યના કારોબાર આચરણો કે જે વ્યવહાર સંહિતાને સમર્થન આપતા હોય તે રીતે કામગીરી કરતા હોય.
સતત સુધારો	વ્યવહાર સંહિતા હેઠળ દેખાવ અને સંચાલન વ્યવસ્થામાં વિસ્તરણની ચાલુ રહેતી પ્રક્રિયા.
ઠેકેદાર	જે તે વ્યક્તિ, કંપની અથવા અન્ય કાનૂની સાહસ કે જે સભ્ય માટે સેવાના કરાર અનુસાર કામ હાથ ધરે છે અથવા સેવા આપે છે. તેમાં પેટા ઠેકેદારોનો સમાવેશ થાય છે.
અંકુશ (અંકુશિત)	સભ્ય દ્વારા અંકુશ જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: 1. અંકુશિત કારોબાર અથવા સવલતમાં ઇક્વીટી/અધિકારો (અથવા સમકક્ષ)માં 50 ટકા કે તેથી વધુનો સીધી કે આડકતરી માલિકી અથવા અંકુશ (અન્ય સભ્યો સાથે એકલા કરેલા કરાર અનુસારનો) અને/અથવા; 2. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અથવા સંચાલન (અથવા અંકુશિત કારોબાર અથવા સવલત સમકક્ષ)ના ઓછામાં ઓછા અર્ધા ભાગના સભ્યોને દૂર કરવાનો, નોમિનેટ કે નિયુક્ત કરવાનો સીધો કે આડકતરો (અન્ય સભ્યો સાથેના કરાર અનુસાર સહિત) અધિકાર; અને/અથવા 3. કાર્યસ્થળના ધોરણોની સ્થાપના અને તેમના ઉપયોગો લાગુ પાડીને અંકુશિત કારોબાર પ્રવૃત્તિઓ અથવા સવલતનું દૈનિક અથવા કારોબારી સંચાલન; અથવા 4. ઉપરોક્ત સંબંધિત ન્યાયક્ષેત્રમાં (1)થી (2)માં વર્ણવવામાં આવેલા

	'અંકુશ' સમાંતરના ખ્યાલનો કાયદેસર સ્વીકૃત્ત ખ્યાલ 5. ઉપરોક્ત 'અંકુશ'ને કંપની સદર્ભમાં વ્યાખ્યાયિત કરતા હોવા છતાં, અન્ય સંસ્થાકિય ગોઠવણીઓમાં સમાન શબ્દ લાગુ પડશે, જેમાં ફ્રેન્ચાઈઝી, પરવાનેદારો અને વ્યક્તિગત અથવા પરિવાર દ્વારાનો કારોબાર, જ્યાં લાગુ પડતું હોય ત્યાં.
સુધારાત્મક પગલાં	ફરી વાર ન થાય તે રોકવાના હેતુથી બિન-સમાનુરૂપતાનું કારણ નાબૂદ કરવા માટે સભ્ય દ્વારા અમલી બનાવાયેલ પગલું.
સુધારાત્મક પગલાં યોજનાઓ	સ્વ મૂલ્યાંકન અથવા પ્રમાણના ઓડિટ દરમિયાન ઓળખી કાઢવામાં આવેલી બિન સમાનુરૂપતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સભ્યો દ્વારા વિકસાવવામાં આવેલ સિદ્ધિઓ સાથે યોજનાઓ.
ભ્રષ્ટાચાર	ખાનગી લાભ માટે સોંપવામાં આવેલી સત્તાનો દુરુપયોગ.
ગંભીર ભંગ	આરજેસી વ્યવહાર સંહિતની પ્રામાણિકતા માટે અગત્યની મનાય છે તેવી જોગવાઇની મોટી બિન-સમાનુરૂપતા. અગત્યની જોગવાઇઓને પ્રમાણિત હેન્ડબુકની કલમ 7.2માં ઓળખી કાઢવામાં આવી છે. ગંભીર ભંગની ઓળખમાં સભ્યોએ ઓડિટરોએ આરજેસી સંચાલન ટીમને તાત્કાલિક જાણ કરવાની જરૂરિયાત રહે છે. જો આરજેસીને ઓડિટર દ્વારા જાણ કરવામાં આવી હોય. તો સભ્ય વિરુદ્ધ શિસ્તતાની કાર્યવાહી આપોઆપ શરૂ થઇ જાય છે.
જટિલ નિવાસસ્થાન	જોખમી નિવાસ વિસ્તારો જૈવિક વૈવિધ્યતા સાથેના વિસ્તારો છો, જેમા (i) ગંભીર રીતે જોખમી અને/અથવા જોખમી પ્રજાતિઓનું નોંધપાત્ર મહત્ત્વતાવાળું નિવસાસ્થાન; (ii) ચોક્કસ રોગ મળી આવતો હોય અને/અથવા મર્યાદિત કક્ષાની પ્રજાતિઓનું નોંધપાત્ર મહત્ત્વતાવાળું નિવાસસ્થાન; (iii) સ્થળાંતર કરતી પ્રજાતિઓ અને/અથવા વિચરતી પ્રજાતિઓનું વૈશ્વિક નોંધપાત્ર ધ્યાનને ટેકો આપતું નિવાસસ્થાન; (iv), ઊંચું જોખમ ધરાવતા અને /અથવા વિશિષ્ટ જીવસૃષ્ટિઓ; અને/અથવા (v) ચાવીરૂપ વિકાસાત્મક પ્રક્રિયાઓ સાથે સંલગ્ન વિસ્તારો. ** જોખમી પ્રજાતિઓના કુદરતી સંરક્ષણ માટેના આંતરરરાષ્ટ્રીય સંઘની (આઈયુસીએન)રેડ યાદીમાં આપેલ છે તે અનુસાર. જટિલ વસવાટનું નિર્ધારણ અન્ય યાદીઓ અનુસાર નીચે પ્રમાણે છે:* *(i)આઈયુસીએન માર્ગદર્શનને સખત રીતે વળગી રહેતા દેશોમાં અતિ જોખમી અથવા જોખમી તરીકે રાષ્ટ્રીય/પ્રાદેશિક સ્તરે પ્રજાતિની યાદી આપવામાં આવી હોય,જટિલ વસવાટ નિર્ધારણ પ્રોજેક્ટથી પ્રોજેક્ટના ધોરણે સક્ષમ વ્યાવસાયિકો સાથે મળીને કરવામાં આવશે; અને (ii) રાષ્ટ્રીય કે પ્રાદેશિક રીતે સમાવિષ્ટ પ્રજાતિઓના સ્તરીકરણના ઉદાહરણો આઈયુસીએનમાં હોય તેની સાથે સારી રીતે મળતી આવતી ન હોય (ઉદાહરણ તરીકે કેટલાક દેશો વધુ સામાન્ય રીતે પ્રજાતિઓને "રક્ષિત" અથવા "નિયંત્રિત" રીતે સમાવિષ્ટ કરે છે), યાદીના યથાર્થ નિરૂપણ અને હેતુ માટે મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. આ કિસ્સામાં જટિલ વસવાટ*

	નિર્ધારણ આ પ્રકારનાં મૂલ્યાંકન પર આધારિત રહેશે. *[સ્રોત: આઈએફસી દેખાવ માપદંડ 6, ફકરો 16].*
હીરો	એક પ્રાકૃતિક ખનિજ જે શુદ્ધ કાર્બન ધરાવે છે અને ત્રિસમલંબાક્ષ પ્રણાલીમાં સ્ફટિકિય ઘનીય માળખું ધરાવે છે. મોહ સ્કેલમાં તેની સખતાઈ 10 છે, તેનું વિશિષ્ટ ગુરુત્વાકર્ષણ લગભગ 3.52 છે, તેનો વક્રિભવનાંક 2.42 છે અને તે ઘણા રંગોમાં મળી આવે છે.
હીરાનો વર્ગીકરણ અહેવાલ	હીરાના હાજર લક્ષણોના વર્ગીકરણ પરના અહેવાલ સામાન્ય રીતે કટ, રંગ, વિશુદ્ધિ અને કેરેટના વજન પર હોય છે. જો નાણાકીય મૂલ્ય પરના મંતવ્યને ઉમેરવામાં આવે તો હીરાનાં વર્ગીકરણ અહેવાલને મૂલ્યાંકન અહેવાલ તરીકે પણ ગણવામાં આવે છે.
શિસ્ત	કાર્ય સંબંધિત વર્તણૂક અથવા કામગીરીને મઠારવાનો અથવા સુધારવી તેવો અર્થ થાય છે.
ભેદભાવ	ચોક્કસ પ્રકારની લાક્ષણિકતાઓને કારણે લોકો સાથે અલગ પ્રકારે વર્તન કરવામાં આવે છે-જેમ જાતિ. માનવવંશ, જ્ઞાતિ, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, વિકલાંગતા, કે લિંગ, લૈંગિક લાક્ષણિકતા, સંઘ સભ્યપદ, રાજકીય જોડાણ, વૈવાહિક દરજ્જો, શારીરિક દેખાવ, એચઆઈવી દરજ્જો, અથવા વય, અથવા અન્ય લાગુ પડતા પ્રતિબંધિત ધોરણો-કે જે તક અને સારવારની સમાનતાની અસમાનતામાં પરિણમતા હોય.
ઇઆઇટીઆઇ	ઉત્ખનન કરતા ઉદ્યોગોમાં પારદર્શકતાનો પ્રયત્ન
કટોકટી	અસાધારણ બનાવો કે જે કર્મચારીની સલામતી અથવા તંદુરસ્તી, કોન્ટ્રાક્ટરો, મુલાકાતીઓ, ગ્રાહકો અથવા સ્થાનિક સમુદાયો અથવા જે મિલકતો અથવા પર્યાવરણના નુકસાનમાં પરિણમતા હોય.
કર્મચારી	જે તે વ્યક્તિ કે જે રોજગારીના કરાર હેઠળ અથવા એપ્રેન્ટીસશીપમાં કામ કરવાનો કરાર કર્યો હોય, જેમાં અભિવ્યક્તિ થતી હોય અથવા ગર્ભિત હોય અને (જો તે વ્યક્ત કરાતું હોય) ચાહે સભ્ય સાથે લાગુ પડતા કાયદા દ્વારા સ્પષ્ટ કરાયેલ હોય કે મૌખિક કે લેખિતમાં હોય. તેમાં કોઇ પણ સ્તરના કાયમી, હંગામી, પૂર્ણકાલીન, અસ્થાયી, ઘર કામ અને/અથવા મૌસમી કર્મચારીઓનો સમાવેશ થાય છે.
રોજગારી સંબંધ	રોજગારી પૂરી પાડનારાઓ અને કર્મચારી વચ્ચેની કાનૂની કડી જે જ્યારે કોઇ વ્યક્તિ મહેનતાણાના વળતરની શરત હેઠળ કામ કરે અથવા સેવા આપે ત્યારે અસ્તિત્વમાં આવે છે.
સાહસ	જે તે કારોબાર કે તેના જેવા જ કે જે એક અથવા વધુ સુવિધામાં કામગીરી કરતા હોય અને જ્યાં સભ્ય દ્વારા તે સાહસની માલિકી કે અંકુશ હોય. સાહસમાં સભ્યનો હિસ્સો કે આખા ભાગનો સમાવેશ થઇ શકે છે.
પર્યાવરણ	સુવિધાની આસપાસનું પર્યાવરણ, કે જેમાં હવા, પાણી, જમીન, કુદરતી સ્રોતો, વનસ્પતિ, પ્રાણીજીવન, વસવાટ, ઇકોસિસ્ટમ્સ, જૈવિક વૈવિધ્યતા, માનવીઓ (માનવસર્જિત પદાર્થો, સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્ત્વ ધરાવતા

	સ્થળો અને સામાજિક પાસા સહિત) અને તેમની પ્રતિક્રિયા. આ સંદર્ભમાં પર્યાવરણ કામગીરીમાંથી વૈશ્વિક વ્યવસ્થા સુધી વિસ્તરે છે.
સુવિધા ચૂકવણીઓ	ચૂકવણી પ્રાપ્ત કરનારને હજુ પણ કઇંક કરવાની જરૂર છે તેના માટેની પસંદગીયુક્ત સારવાર મેળવવા માટે સુવિધા ચૂકવણી કરવામાં આવે છે.
સુવિધા	સુવિધા કોઇ સ્થળ (સાઇટ) કે પરિસર છે જેઃ • સભ્યના અંકુશ હેઠળ હોય; અને • હીરા, સોનું અને /અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ ઝવેરાત પુરવઠા શૃંખલામાં સક્રિય રીતે યોગદાન આપતા હોય. ખનન સુવિધા અને પ્રમાણીકરણ અવકાશ-ખનન ક્ષેત્ર પણ જુઓ.
આંતકવાદનું ધિરાણ	જે લોકો આતંકવાદને પ્રોત્સાહન આપતા હોય, યોજના કરતા હોય અથવા વ્યસ્ત હોય તેમને કોઇ પણ પ્રકારનો નાણાકીય ટેકો.
કાર્ય માટે યોગ્ય (ફીટ)	"કાર્ય માટે ફીટ"નો અર્થ એવો થાય છે કે જે વ્યક્તિ (શારીરિક, માનસિક અને લાગણીયુક્ત) પરિસ્થિતિ તેમને સોંપેલી ફરજ અસરકારક રીતે અને પોતાની જાત માટે અથવા અન્યોની સલામતી અને આરોગ્ય માટે જોખમી ન હોય તે રીતે પૂર્ણ કરતી હોય.
વેઠ	દરેક કાર્ય અથવા સેવા કે જે, જે તે વ્યક્તિ પાસેથી દંડની ધમકી હેઠળ બળજબરીપૂર્વક કરાવવામાં આવ્યું હોય અને જેના માટે ઉપરોક્ત વ્યક્તિએ તેની/તેણીની જાતે દરખાસ્ત કરી ન હોય [*સ્રોતઃ આઇએલઓ કન્વેન્શન* 29]. તેમાં ઋણની પરત ચૂકવણીના હેતુ માટે માંગ કરવામાં આવી હોય તેવા કાર્ય કે સેવાનો સમાવેશ થાય છે.
ફ્રેન્ચાઇઝિંગ/પરવાનો આપવો	એવી ગોઠવણી કે જેમાં સભ્યના બ્રાન્ડ નામ, ટ્રેડમાર્ક અથવા અન્ય બૌદ્ધિક સંપત્તિનો સમાવેશ થતો હોય તેવી પેદાશ, માર્કેટ અથવા દરેકનું વેચાણ કે થોડી પેદાશો અથવા વેચાણ કરવાની ત્રીજા પક્ષકારોને સવલત આપવાના હેતુ માટે સભ્યના અંકુશ હેઠળ ન હોય તેવા સભ્ય બૌદ્ધિક અધિકારોનો ત્રીજા પક્ષકારોને પરવાનો આપવામાં આવ્યો હોય.

મુક્ત પૂર્વ અને માહિતગાર સંમતિ (એફપીઆઈસી)	એફપીઆઈસીની સનાતન રીતે કોઇ સ્વીકૃત્ત વ્યાખ્યા નથી. આરજેસી વ્યવહાર સંહિતા માટે એફપીઆઈસી યોગ્ય સામેલગીરી પ્રક્રિયા પર વિસ્તરે છે અને સભ્યો અને અસરગ્રસ્ત સ્થાનિક પ્રજા વચ્ચે સારા વિશ્વાસની વાટાઘાટ મારફતે સ્થાપિત થયેલી હોવી જોઇએ. એફપીઆઈસીમાં કરારની આવશ્યક રીતે જરૂરિયાત રહેતી નથી અને જ્યારે સમયુદાયમાં જે તે વ્યક્તિ અથવા જૂથો ચોક્કસ રીતે અસંમત થતા હોય ત્યારે પ્રાપ્ત કરી શકાય છે. *[સ્ત્રોતઃ આઈએફસી દેખાવ માપદંડ 7 (2012)]* સ્થાનિક પ્રજા અને ખનન પરનું ।સીએમએમ સ્થિતિ અહેવાલ નોંધે છે કે એફપીઆઈસી પ્રક્રિયા અને ઉત્પાદન એમ બન્નેનો સમાવેશ કરે છે. આ પ્રક્રિયા દ્વારા સ્થાનિક પ્રજા એવા લોકો છે જે: (i) જબરદસ્તી ધાકધમકી અથવા ક્ષતિ વિના મુક્તપણે નિર્ણયો લેવામાં મુક્ત હોય; (ii) મહત્ત્વના નિર્ણયો લેવામાં આવે અને અસર થાય તે પહેલા પ્રોજેક્ટના નિર્ણયો કરવામાં સામેલ થવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હોય; અને (iii) પ્રોજેક્ટ્સ અને તેની સંભવિત અસરો અને ફાયદાઓ વિશે સંપૂર્ણ માહિતગાર. ઉત્પાદન એટલે સ્થાનિક પ્રજા આંતરરાષ્ટ્રીય સ્વીકૃત્ત અધિકારોને સુસંગત હોય અને સારા વિશ્વાસની વાટાઘાટ પર આધારિત હોય તેનું સન્માન કરતા તેમની પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયા સાથે સુસંગત રહેવા માટે મથતી હોય તેવી પ્રક્રિયા મારફતે પોતાની સંમતિ આપી શકે અથવા તો મોકુફ રાખી શકે. *[સ્ત્રોતઃ સ્થાનિક પ્રજા અને ખનન પરનું ।સીએમએમ સ્થિતિ અહેવાલ, 2013]*
સંગઠનની સ્વતંત્રતા	ભેદભાવ વિનાના દરેક કામદારોને સ્થાપિત કરવાનો અને સંબંધિત સંસ્થાના નિયમોની શરતે પૂર્વ સત્તાની પસંદગી કર્યા વિના તેમની પોતાની સંસ્થામાં જોડાવવાનો અધિકાર છે. *[સ્ત્રોતઃ આઇએલઓ કન્વેન્શન નં. 87નો અનુચ્છેદ 2].*
સોનું	રાસાયણિક સંકેત 'Au' વાળું વિરલ પીળું ધાત્વીય તત્ત્વ. સખતાઇના મોહના આંક પર 2.5થી 3ની વિશિષ્ટ સખતાઈ અને પરમાણું ક્રમાંક 79 સાથેની ધાતુ.
જીઆરઆઇ	વૈશ્વિક અહેવાલ પહેલ
જોખમ	સંભવિત નુકસાન, ઇજા અથવા અપાયકારકનો સ્ત્રોત.
જોખમી પદાર્થ	કોઇ પણ સામગ્રી કે જે માનવ આરોગ્ય અને/અથવા પર્યાવરણ સામે જોખમ ઊભું કરતું હોય.
જોખમી બાળ મજૂરી	પોતાના પ્રકાર કે સંજોગો અનુસાર જે તે કાર્ય હાથ ધરવામાં આવતું હોય, જે શક્યતઃ આરોગ્ય, સુરક્ષા અને બાળકોની નૈતિકતાને નુકસાન કરતું હોય *[સ્ત્રોતઃ આઈએલઓ કન્વેન્શન 182].* *આઈએલઓ ભલામણ 190 નોંધે છે કે જે તે કાર્ય જોખમી બાળ મજૂરી માટે છે કે નહીં તે નક્કી કરતી વખતે નીચેની બાબતને ધ્યાનમાં રાખવી જરૂરી છે:*

	(a) જે કાર્ય બાળકોને શારીરિક, મનોવૈજ્ઞાનિક અથવા લૈગિંક દુરુપયોગ સામે ખુલ્લા પાડતું હોય; (b) જમીનની નીચેનું, પાણીની નીચેનું જોખમી ઊંચાઇએ અથવા બંધિયાર જગ્યામાં કરાતું કાર્ય; (c) જોખમી યંત્રસામગ્રી, ઉપકરણ અને સાધન, અથવા કે જેમાં પ્રત્યક્ષ સ્પર્શ અથવા ભારે વજનનાં વહનનો સમાવેશ થતો હોય; (d)બિનતંદુરસ્ત પર્યાવરણમાં કાર્ય, કે જે ઉદાહરણ તરીકે બાળકોને જોખમી પદાર્થો, એજન્ટસ અને પ્રક્રિયાઓ અથવા તાપમાન સામે ખુલ્લું મુકતું હોય, તેમજ ધ્વનિનું સ્તર અથવા સ્પંદનો તેમના આરોગ્યને નુકસાનકર્તા હોય; (e) ચોક્કસ મુશ્કેલ પરિસ્થિતિઓ હેઠળ કાર્ય જેમ કે લાંબા કલાકો સુધી કાર્ય અથવા રાત્રિ દરમિયાન કાર્ય અથવા એવું કાર્ય કે જ્યાં બાળક અકારણસર રોજગાર પૂરી પાડનારાના પરિસરમાં બંધનમાં હોય. રાષ્ટ્રીય કાયદાઓ અને નિયમનો સંબંધિત બાળકોનું આરોગ્ય, સુરક્ષા અને નૈતિકતાની શરતે 16 વર્ષથી માન્ય રોજગારી અથવા કાર્ય સંપૂર્ણ સુરક્ષિત છે, અને બાળકોએ પ્રવૃત્તિની સંબંધિત શાખામાં પૂરતી ખાસ સુચના અથવા વ્યવસાયલક્ષી તાલીમ મેળવી છે તેની સક્ષમ સત્તા કામદારોની અને રોજગાર પૂરી પાડનારાઓની સંબંધિત સંસ્થા, માન્ય રોજગારી સાથે મસલત કર્યા બાદ છૂટ આપી શકે છે. *[સ્રોતઃ આઈએલઓ ભલામણ 190].*
આરોગ્ય	શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ અને ફક્ત રોગ અથવા નબળાઇ જ નહીં.
માનવ અધિકારો	આંતરરાષ્ટ્રીય સ્વીકૃત્ત ધોરણોને આધારે ભેદભાવ વિના દરેક વ્યક્તિઓને સંબંધિત સાર્વિત્રિત અધિકારો. આરજેસી ન્યૂનતમ એટલું સમજે છે કે માનવ અધિકારો એટલે કે જે, કાર્યસ્થળે મૂળભૂત સિદ્ધાંતો અને અધિકારો અને લાગુ પડતા કાયદા પર આઈએલઓ જાહેરનામું, માનવ અધિકારો પરના આંતરરાષ્ટ્રીય ખરડામાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે.
માનવો તસ્કરી	ધમકીથી અથવા બળનો ઉપયોગ કરીને અથવા ધાકધમકીના અન્ય સ્વરૂપે, અપહરણ દ્વારા, છેતરપિંડીથી, છેતરીને સત્તાના દુરુપયોગ દ્વારા અથવા નુકસાન થવાની સ્થિતિના, અથવા ચૂકવણી કરીને કે મેળવીને અથવા અન્ય વ્યકિત પર અંકુશ ધરાવતા વ્યક્તિની સંમતિથી, શોષણના હેતુથી વ્યક્તિઓની ભરતી કરવી, વહન કરવું, આશ્રય આપવો અથવા વ્યક્તિને પરત કરવી. શોષણમાં અન્યોની વેશ્યાગીરીનુ શોષણ અથવા જાતિય શોષણના અન્ય સ્વરૂપો, બળજબરીપૂર્વકની મજૂરી અથવા સેવાઓ, ગુલામી અથવા ગુલામી જેવા સમાન આચરણો, ગુલામી અથવા અંગ વિચ્છેદનનો સમાવેશ થાય છે. [સ્રોત*:* ખાસ કરીને મહિલા અને બાળકોમાં ગેરકાયદે હેરફેરને રોકવાનું, દબાવવાનું અને સજા કરવાનું યુએન પ્રોટોકોલ].
ગેરકાયદે સશસ્ત્ર જૂથ	સશત્ર જૂથમાં જાહેર અથવા ખાનગી સલામતી દળ કે જે ખાણ સ્થળ વહન માર્ગ અને /અથવા પોઇન્ટ કે જ્યાં ખનિજોનો વેપાર થતો હોય તે પોઇન્ટ

	પર તેનો ગેરકાયદે અંકુશ ધરાવતા હોય, અને/અથવા ખાણ સ્થળોએ, અથવા ખાણના પ્રવેશના સ્થળે, વાહનવ્યવહારના માર્ગે, અથવા જ્યાં ખનિજોનો વેપાર થતો હોય તેવા પોઇન્ટ પર ગેરકાયદે કર અથવા ધાકધમકીથી નાણાં અથવા ખનિજો એકત્ર કરતા હોય, અને/ અથવા મધ્યસ્થીઓ, નિકાસ કંપનીઓ અથવા આંતરરાષ્ટ્રીય વેપારીઓ પાસેથી ધાકધમકીથી ગેરકાયદે કર ઉધરાવતા હોય; અને/અથવા અથડામણમાં વ્યસ્ત અથવા ભાગીદારી હોય તેમનો સમાવેશ થાય છે. ગેરકાયદે પ્રવૃત્તિ એટલે કે જે દેશની સાર્વભૌમિકતાનું અથવા તેના કાયદાઓ અને નિયમનોનું અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરતા તેવો થાય છે. ગેરકાયદે સશસ્ત્ર જૂથોને "સીધા કે આડકતરા ટેકા"નો અર્થ એવો થતો નથી કે તેને કાયદેસર સમર્થનના સ્વરૂપની જરૂર હોય, તેમાં કાયદેસરના કરો, ફી, અને/અથવા જે દેશમાં કંપનીઓ કામકાજ કરે છે તેને રોયલ્ટી ચૂકવે છે તેનો સમાવેશ થાય છે. [સંદર્ભો: ઘર્ષણ ત્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઈસીડી ડ્યૂ ડિલીજન્સ માર્ગદર્શન (2010);કુદરતી સંશાધનોનું ગેરકાયદે શોષણ અને કોંગોના ડેમોક્રેટીક રિપબ્લિકની સંપત્તિના સ્વરૂપના અન્ય સ્વરૂપો પરની યુએન પેનલ, પત્ર *12* એપ્રિલ, *2001*].
અસર	અસરનું માપ, ચાહે માઠું હોય કે ફાયદાકારક જે સભ્ય, લોકોની આરોગ્ય સુરક્ષા, પર્યાવરણ અથવા નીચેનામાંથી પરિણમતા સમુદાયને લાગુ પડે છે: • સંસ્થાની કામગીરીઓ, અથવા • બનાવ અથવા આકસ્મિક ઘટના, અથવા • બાહ્ય ફેરફાર (લાગુ પડતા કાયદામાં ફેરફાર સહિત).
અસર મૂલ્યાંકન	મોટા નિર્ણયો લેવામાં આવે તે પહેલા અને વચનો આપવામાં આવે તે પહેલા બાયોફિઝીકલ, સામાજિક અને વિકાસ દરખાસ્તોની અન્ય સંબંધિત અસરોને ઓળખી કાઢવાની, આગાહી કરવાની, મૂલ્યાંકન કરવાની અને ટાળવાની પ્રક્રિયા.
સ્થાનિક પ્રજા	**"સ્થાનિક પ્રજા"**ની સાર્વત્રિક રીતે સ્વીકૃત કોઇ વ્યાખ્યા નથી. શબ્દ "સ્થાનિક પ્રજા"નો અહીં વિવિધ પ્રમાણમાં નીચેની લાક્ષણિકતાઓ ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક જૂથને અલગ પાડવા માટે વ્યાપક રીતે ઉપયોગમાં લેવાયો છે: • અલગ સ્થાનિક સાંસ્કૃતિક જૂથના સભ્યો તરીકે સ્વ-ઓળખ અને તેની ઓળખની અન્યો દ્વારા સ્વીકૃતિ; • પ્રોજેક્ટ વિસ્તારોમાં ભૌગોલિક રીતે અલગ વસવાટો અથવા પ્રાચીન પ્રદેશ સાથે અને આ વસવાટોમાં અને પ્રદેશોમાં કુદરતી સંશાધનોમાં સામૂહિક જોડાણ; • અગ્રણી સમાજ અથવા સંસ્કૃતિથી સ્વતંત્ર હોય તેવી પ્રચલિત સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક અથવા રાજકીય સંસ્થાઓ;

	• અલગ ભાષા અથવા બોલી, ઘણી વખત તેઓ જ્યાં રહે છે તે દેશ અથવા પ્રદેશની સત્તાવાર ભાષા અથવા ભાષાઓથી અલગ હોય છે. *[સ્ત્રોત: આંતરરાષ્ટ્રીય નાણા નિગમ (આઇએફસી) દેખાવ માપદંડ 7].*
અસ્વૈચ્છિક પુનઃવસવાટ	પુનઃવસવાટમાં શારીરિક વિસ્થાપન (આશ્રય ગુમાવવો કે પુનઃસ્થાપન) અને આર્થિક વિસ્થાપન (પ્રોજેક્ટ સંબંધિત જમીન સંપાદન અને/અથવા જમીન વપરાશ પર નિયંત્રણના પરિણામે મિલકતોનું નુકસાન અથવા મિલકત ઉપભોગ કે જે આવક સ્ત્રોતોના નુકસાનમાં અને ગુજરાનના હેતુના નુકસાનમાં પરિણમે) એ બન્નેનો સમાવેશ થાય છે. અસ્વૈચ્છિક પુનઃવસવાટ ત્યારે બને છે જ્યારે અસરગ્રસ્ત વ્યક્તિઓ અથવા સમુદાયો પાસે જમીન સંપાદન સામે ના પાડવાનો અધિકાર હોતો નથી અથવા જમીન વપરાશ પર નિયંત્રણો હોતા નથી તેમજ જે શારીરિક કે આર્થિક વિસ્થાપનમાં પરિણમે છે. આવું નીચેના કિસ્સાઓમાં બને છે (i) કાયદેસરની જપ્તી અથવા જમીન વપરાશ પર હંગામી કે કાયમી નિયંત્રણો અને (ii) વાટાઘાટથી કરેલી પતાવટો કે જેમાં ગ્રાહકો જપ્તીનો આશરો લઇ શકે છે અથવા વેચાણકર્તા સાથે વાટાઘાટો નિષ્ફળ જાય તો જમીન વપરાશ પર કાયદેસરના નિયંત્રણો લાદી શકવામાં નિષ્ફળ જાય. *[સ્ત્રોતઃ આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ (આઈએફસી) કામગીરી ધોરણો 5].*
આઇસીએમએમ	ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ
આઇએફસી	આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ
આઇએલઓ	આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન
આઇએસઓ	સમાનીકરણ માટેનું આંતરરાષ્ટ્રીય સંગઠન
આઇયુસીએન	કુદરતના બચાવ માટે આંતરરાષ્ટ્રીય સંઘ
ઝવેરાત	શણગાર કે જેમાં સોનું અને/અથવા પ્લેટિનમ જુથની ધાતુઓનો સમાવેશ થાય છે અને/અથવા હીરામાં હોય છે અને/અથવા બનાવટી હીરામાં જડીત હોય છે. ઝવેરાતમાં બ્રેસલેટ્સ, વીંટીઓ, નેકલેસ, એરિંગ્સ અને ઘડિયાળોનો સમાવેશ થાય છે પરંતુ તે આટલા સુધી મર્યાદિત નથી. (સરળતા માટે શબ્દ ‘હીરા, સોનું અને /અથવા પ્લેટિનમ જુથની ધાતુઓ ઝવેરાત પુરવઠા શૃંખલામાં હીરો અને બનાવટી હીરાઓ એમ બન્નેનો સમાવેશ થાય છે.)
ઝવેરાત ઉત્પાદ	અંશતઃપૂર્ણ અથવા પૂર્ણ ઝવેરાત અથવા ઝવેરાતના ઘટકો. શંકાનાં નિવારણ માટે તેમાં હીરાઓ અને કિંમતી ધાતુઓ એલોયઝ કે જેને હજુ જડવામાં આવ્યા નથી કે ઝવેરાતમાં ઉપયોગમાં લેવામાં આવ્યા નથી તેનો સમાવેશ થાય છે.
અગત્યના જૈવિક વૈવિધ્યતા વિસ્તારો	અગત્યના જૈવિક વૈવિધ્યતા વિસ્તારો (કેબીએએસ) એ જૈવિક વૈવિધ્યતા સંરક્ષણ માટેની વૈશ્વિક મહત્ત્વતા ધરાવતી રાષ્ટ્રીય ધોરણે મેપ કરેલી સાઇટ છે, જેની પસંદગી વૈશ્વિક નિયત શરતો અને નુકસાન થવાની સંભાવના અને પદ્ધતિસરના સંરક્ષણ આયોજનમાં ખોટ ન પૂરી શકાય તેવા બહોળા પ્રમાણમાં વપરાતા માળખાને આધારે પસંદગી કરવામાં આવી છે.

	[સ્ત્રોતઃ આઇએફસી દેખાવ માપદંડ 6, માર્ગદર્શન નોંધ]. કેબીએએસ જોખમી વસવાટના વિસ્તારોને સમાવે છે.
કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના (કેપીસીએસ)	ઘર્ષણ હીરાઓના પ્રવાહને ખાળવાનો સરકાર, આંતરરાષ્ટ્રીય હીરા ઉદ્યોગ અને નાગરિક સમાજનો એક સંયુક્ત પ્રયત્ન છે.
તમારા ગ્રાહકને જાણો (કેવાયસી)	નાણાંની હેરફેર અને આતંકવાદને અપાતા ધિરાણને નાથવા માટેના સ્થાપિત સિદ્ધાંતો. કેવાયસી સિદ્ધાંતોમાં કારોબારોને તેઓ જેમની સાથે કામ કરે છે તેની ઓળખ પ્રસ્થાપિત કરવાની જરૂર રહે છે, તેમને તેમના કારોબાર સંબંધની સ્પષ્ટ સમજણ ધરાવવાની અને ઓળખી શકવાની વાજબી ક્ષમતા અને સામાન્ય અથવા શંકાસ્પદ દેખાતી વ્યવહારની પદ્ધતિઓ સામે પ્રતિક્રિયા આપવાની જરૂર છે.
મુખ્ય ઓડિટર	મુખ્ય ઓડિટર સભ્યના પ્રમાણપત્ર ઓડિટના કાર્યક્ષમ અને અસરકારક કાર્યવાહી અને પૂર્ણતા માટે જવાબદાર છે અને ઓડિટરોની ટીમ સાથે સંકલન સાધી શકે છે.
કાનૂની અનુપાલન	લાગુ પડતા કાયદાની મર્યાદામાં રહીને અથવા તેના માર્ગદર્શન હેઠળ કાર્ય કરવું.

મોટી બિન-સુસંગતતા	સભ્યની નીતિઓ, વ્યવસ્થાઓ, કાર્યપ્રણાલિઓ અને પ્રક્રિયાઓ સહિતના કારોબારના આચરણો એવી રીતે બજાવવામાં આવે કે જે વ્યવહાર સંહિતા સાથે સમર્થિત ન હોય. મોટા બિન અનુસરણને નીચેની એક કે વધુ પરિસ્થિતિઓનાં સર્જન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે:
	• આવશ્યક જોગવાઇના અમલની સંપૂર્ણ ગેરહાજરી;
	• જ્યારે વ્યાપક પ્રમાણમાં પદ્ધતિસરની નિષ્ફળતા થઇ હોય અથવા સંપૂર્ણ અંકુશના અભાવમાં સભ્યએ આરજેસી વ્યવહાર સંહિતાને સબંધિત કારોબાર જોખમોનું સંચાલન કરવાની જરૂર રહે છે;
	• એવી સ્થિતિ કે જેમાં સભ્યે વ્યવહાર સંહિતાને સંબંધિત કાયદાકીય અથવા નિયમનકારી જરૂરિયાતોને ઓળખી કાઢી ન હોય અથવા આ પ્રકારની કાયદાકીય અથવા નિયમનકારી જરૂરિયાતોના બિન અનુસરણની જાણ હોય અને:
	    ○ સ્થિતિના બિન અનુસરણને સુધારવાના અપૂરતા પ્રયત્નો હોય અને/અથવા
	    ○ આ પરિસ્થિતિ કામદારો, સમુદાય અથવા પર્યાવરણને નજીકનાં ભવિષ્યમાં નોંધપાત્ર જોખમમાં પરિણમે તેવી હોય.;
	• જૂથ સંબધિત, પુનરાવર્તિત અથવા સતત નજીવું બિન અનુસરણ કે જે અપૂરતા અમલીકરણનો સંકેત આપતું હોય;;
	• ગંભીર ઉલ્લંઘન સાબિત કરવા માટે વાસ્તવિક પૂરાવા સાથે સમર્થિત હોય અથવા કોઇ પણ ગંભીર ઉલ્લંઘન દૂર કરવા માટે સભ્ય કારોબાર આચરણો ધરાવે છે કે કેમ તે અંગે ગંભીર શંકાઓ ઊભી કરતા હોય તેવું કોઇ પણ તારણ અથવા નિરીક્ષણ.

સંચાલન વ્યવસ્થા	ઇચ્છીત પરિણામો હાંસલ કરવા માટે અને કામગીરીમાં સતત સુધારાઓ આગળ ધપાવવા માટે કાર્યો સચોટ રીતે, સાતત્યતાપૂર્વક અને અસરકારક રીતે હાથ ધરવામાં આવ્યા છે કે કેમ તેની ખાતરી કરવા માટે પદ્ધતિસરનાં માળખાને સામૂહિક રીતે સાબિત કરતી સંચાલન પ્રક્રિયાઓ અને દસ્તાવેજીકરણ.
નિશાની	કોઇપણ નિશાની, સંકેત, ઉપકરણ, છાપ, સિક્કા, બ્રાન્ડ, લેબલ, ટિકીટ, પત્ર, શબ્દ અથવા આકૃતિ.
સભ્ય	કોઇ પણ કારોબાર કે જે: i. હીરા, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુ પુરવઠા શૃંખલામાં વેપારના હેતુ માટે સક્રિય રીતે સામેલ હોય; અને ii. કે જે કન્સલટન્ટ, સલાહકાર અથવા કોઇ પણ અન્ય સમાન સાહસ; અને iii. પ્રવર્તમાન આરજેસી વ્યવહાર સંહિતા પરત્વે પ્રતિબદ્ધ હોય; અને iv. આરજેસી વ્યવહાર સંહિતા વિરુદ્ધ પ્રમાણીકરણ ઓડિટ પરત્વે પ્રતિબદ્ધ હોય; અને v. આરજેસીના વાર્ષિક સભ્યપદ ફીની ચૂકવણીની જવાબદારી લેતો હોય; તે આરજેસી વ્યાપારી સભ્ય બનવા માટે લાયક છે. સભ્યમાં એક અથવા વધુ સાહસો અને/અથવા સવલતોનો સમાવેશ થઇ શકે છે. આરજેસી ધોરણો દસ્તાવેજોમાં શબ્દ ‘સભ્ય’નો અર્થ ખાસ કરીને આરજેસી વ્યાપારી સભ્યો એવો થાય છે.
વચગાળાની સમીક્ષા	સભ્ય આરજેસી વ્યવહાર સંહિતાની ખાતરી આપવાનું સતત રાખે છે તેવી ખાતરી અપાવવા માટે આરજેસી માન્ય ઓડિટર દ્વારા પ્રમાણીકરણ ઓડિટની સામાન્ય રીતે હાથ ધરવામાં આવતા 12-24 મહિનાઓમાં કરવામાં આવતી સ્વતંત્ર સમીક્ષા.
ખનન સુવિધા	એવી સવલત કે પૃથ્વીમાંથી હીરાઓ, સોનું અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ અથવા સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુઓનાં વેચાણયોગ્ય જથ્થા ધરાવતા ખનિજોનું ઉત્ખનન કરે છે.
ખનન ક્ષેત્ર	પૃથ્વીમાંથી વ્યાપારી હેતુઓ માટે હીરાઓ, સોનું અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ અથવા સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુઓનાં વેચાણયોગ્ય જથ્થા ધરાવતા ખનિજોની તપાસ અને ઉત્ખનન અને પ્રાથમિક પ્રક્રિયા.
ગૌણ બિન-સુસંગતતા	વ્યવહાર સંહિતા સાથે સંપૂર્ણપણે સમાનુરૂપ ન થાય તે રીતેની નીતિઓ, વ્યવસ્થાઓ, કાર્યપ્રણાલિ અને પ્રક્રિયાઓ સહિતના સભ્યના કારોબાર આચરણો. ગૌણ બિન-સમાનુરૂપતા નીચે આપેલી એક અથવા વધુ સર્જાયેલી પરિસ્થિતિઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છેઃ • સભ્યના કારોબાર આચરણોમાંથી કામગીરી, શિસ્ત અથવા અંકુશમાંથી કોઇ પણ એકમાં સહેજ ભૂલ, જે આરજેસી વ્યવહાર સંહિતાની મોટી

	બિન સમાનુરૂપતામાં ન પરિણમતી હોય.; • એવી ઘટના કે જેમાં વ્યવહાર સંહિતા સંબંધિત કાયદાકીય અથવા નિયમનકારી જરૂરિયાતોની બિન સમાનુરૂપતાની સભ્યની જાણમાં હોય અને પાલન નહી કરતી શરતોને સુધારવા માટે પૂરતા પ્રયત્નો કર્યા હોય અને બિન અનુસરણ કામદારો, સમુદાય અથવા પર્યાવરણ માટે નિકટવર્તી નોંધપાત્ર જોખમમાં પરિણમતું ન હોય; • એવી ઘટના કે જેમાં સભ્યે કાયદાકીય અથવા નિયમનકારી જરૂરિયાતોને ઓળખી કાઢી ન હોય અને બિન અનુસરણ કામદારો, સમુદાય અથવા પર્યાવરણ માટે નિકટવર્તી નોંધપાત્ર જોખમમાં પરિણમતી ન હોય; • આ સમયે ખરેખર આરજેસી વ્યવહાર સંહિતાનું ઉલ્લંઘન કરતા ન હોય તેવું તારણ, પરંતુ પ્રમાણીકરણ સમયગાળા દરમિયાન સભ્યના કારોબારના આચરણોમાં સંભવિત અપૂર્ણતા હોવાનું માનવામાં આવે..
નાણાંની હેરફેર	એવી પ્રક્રિયા કે જેના દ્વારા ગુનાકીય નાણાકીય પ્રક્રિયાને તેમના ગેરકાયદે સ્રોતને છૂપાવવા અન્ય રીતે દર્શાવવામાં આવે છે.
એનજીઓ	બિન સરકારી સંસ્થાઓ
બિન-સુસંગતતા	એવી ઘટના કે જ્યાં સભ્યના કારોબાર આચરણો આરજેસી વ્યવહાર સંહિતાની ખાતરી આપતા ન હોય.
વૈકલ્પિક પૂરાવો	ચકાસણી કરી શકાય તેવી સક્ષમ માહિતી, રેકોર્ડ્ઝ, નિરિક્ષણો અને/અથવા હકીકતોના નિવેદન અને જે ગુણાત્મક કે જથ્થાત્મક હોય.
ઓઇસીડી	આર્થિક સહકાર અને વિકાસ માટેની સંગઠન
ઓવરટાઇમ	સપ્તાહના સામાન્ય કલાકો કરતા વધુ કાર્યના કલાકો અને જે સ્વૈચ્છિક હોવા જોઇએ.
ભાગીદારો	જેઓ વ્યાપારી કરારો અને/અથવા પ્રોજેક્ટના અમલમાં અથવા સભ્ય(ભ્યો) સાથે કાર્યના કાર્યક્રમમાં હોય તેવા સંયુક્ત સાહસ ભાગીદારો, સરકારી એજન્સીઓ અને અન્ય હિસ્સેદારો અને કોન્ટ્રાક્ટરો સિવાય કે સહિત વ્યક્તિ કે સંગઠન.
અંગત રક્ષણાત્મક સાધન (પીપીઈ)	રક્ષણાત્મક વસ્ત્રો અને અન્ય વસ્ત્રોનો સંદર્ભ ટાંકે છે જેમ કે મોજા, રક્ષણાત્મક પગરખાં, હેલ્મેટ, ગોગલ્સ અને ઇયર પ્લગ, દરેકની રચના પહેરનારને કાર્ય સંબંધિત વ્યાવસાયિક જોખમ સામે રક્ષણ મળી રહે તે રીતે કરવામાં આવી છે.
પ્લેટિનમ જૂથની ધાતુઓ	કિંમતી ધાત્વીય તત્ત્વો કે જે સમાન પ્રકારના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો ધરાવતા હોય અને સમાન ખનિજ નિક્ષેપનમાં સાથે જ બનવાનું વલણ ધરાવતા હોય. આ માનક હેઠળ આવરી લેવાયેલી પ્લેટિનમ જૂથની ધાતુઓ છે: - **રોડિયમ:** રાસાયણિક સંકેત ‘Rh’, પરમાણુ ક્રમાંક 45; - **પેલોડિયમઃ** રાસાયણિક સંકેત ‘Pd’, પરમાણુ ક્રમાંક 46; - પ્લેટિનમઃ રાસાયણિક સંકેત ‘Pt’, પરમાણુ ક્રમાંક 78;

નીતિ	સિદ્ધાંતો અને ઇરાદાઓનું નિવેદન.
પ્રદૂષણ	પર્યાવરણમાં વિશિષ્ટ પ્રકારના પદાર્થો કે જે તેના રાસાયણિક મિશ્રણ અથવા જથ્થાને કારણે કુદરતી પ્રક્રિયાની કામગીરીને રોકે છે અને અનિચ્છિત પર્યાવરણ અને આરોગ્યની અસરો પેદા કરે છે.
કિંમતી ધાતુ	સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુઓ માટેનો સામૂહિક શબ્દ.
કાર્યવાહી	કોઇ પણ પ્રવૃત્તિ કે પ્રક્રિયા હાથ ધરવા માટે નિર્દિષ્ટ રીતભાત. કાર્યપ્રણાલીઓનું દસ્તાવેજીકરણ કરી શકાય છે અને ન પણ કરી શકાય.
ઉદભવિત દાવાઓ	હીરાઓ, બનાવટી, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ કે જે વેચાણ દ્વારા ઓફર કરવામાં આવે છે, ચાહે તે ફક્ત સામગ્રીમાં જ હોય કે ઝવેરાતમાં જડેલા હોય તેને સંબંધિત વર્ણન અથવા સંકેતોના વપરાશ મારફતેના દસ્તાવેજી દાવા અને ખાસ કરીને તેમના નીચેનાને સંબંધિત છે: **મૂળ સ્થાન**– સામગ્રીનું ભૌગોલિક મૂળસ્થાન, ઉદાદાહરણ તરીકે દેશ, ખાણ અથવા ખનનની સવલત(તો)ની કોર્પોરેટ માલિકી; અને/ અથવા **સ્રોત**– સ્રોતનો પ્રકાર, ઉદાહરણ તરીકે રિસાયકલ્ડ, ખાણમાંથી કાઢેલ, આર્ટીસ્નલી ખાણમાંથી કાઢેલ અથવા ઉત્પાદનની તારીખ; અને/અથવા **વ્યવહાર**- વ્યવહાર સંહિતાને સંબંધિત પુરવઠા શૃંખલામાં લાગુ પાડેલા નિર્દિષ્ટ આચરણો, જેમાં ઉત્ખનનમાં લાગુ પડતા ધોરણો, પ્રોસેસિંગ અથવા ઉત્પાદન, ઘર્ષણ મુક્ત દરજ્જો અથવા સ્રોતો પરત્વે ડ્યૂ ડિલીજન્સનો સમાવેશ થાય છે પરંતુ તેના સુધી મર્યાદિત નથી.
જોગવાઇ	આચરણોની સંહિતામાં દર્શાવેલ જરૂરિયાત.
ગુણવત્તા નિશાની	ગુણવત્તા, સુંદરતા,વજન, જાડાઇ, પ્રમાણનો સંકેત આપતી અથવા સંકેત આપતી હોવાનો અર્થ દર્શાવતી હોય તેવી નિશાની અથવા જે તે આર્ટીકલમાં કિંમતી ધાતુનો પ્રકાર.
પુનઃપ્રમાણીકરણ ઓડિટ	સભ્યની પ્રમાણીકરણને રિન્યુ કરવા માટે પ્રમાણીકરણના ગાળાના અંતે હાથ ધરવામાં આવતું પ્રમાણીકરણ ઓડિટ.
પુનઃવસવાટ	અવ્યવસ્થિત જમીનને સુરક્ષિત, સ્થિર અને સ્વ-ટકાઉ સ્થિતિમાં પરત કરવી.
ઉપચાર	ઓળખી કઢાયેલી સમસ્યા અથવા બિન-સમાનરૂપતાને સુધારવા માટે પદ્ધતિસરના ફેરફાર અથવા ઉકેલ અસ્તિત્વમાં લાવવા.
વળતર	વેતન અને પગારનો અને અથવા રોજગાર પૂરી પાડનારાઓ દ્વારા કામદારોને ચૂકવવામાં આવતા રોકડમાં અન્ય લાભોનો સમાવેશ થાય છે.
આરજેસી	રિસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ
આરજેસી સંકલનકાર	સભ્ય દ્વારા નિયુક્ત કરેલી વ્યક્તિ કે જે સ્વ-મૂલ્યાંકન, પ્રમાણીકરણ ઓડિટ, કોઇ પણ સુધારાત્મક યોજનાઓનું સંકલન અને એકંદરે દેખરેખ કરે છે અને તે સભ્ય માટે આરજેસી સંચાલન ટીમ સાથે કડી તરીકેની ભૂમિકા બજાવે છે.
આરજેસી સંચાલન ટીમ	આરજેસી કર્મચારીઓ કે જેમને સંસ્થાની કારોબારી કામગીરીઓ હાથ ધરવા માટે રોજગારી પર રાખવામાં આવ્યા હોય.

અધિકારો-સુસંગત	અધિકાર-સુસંગત સામેલગીરી દ્રષ્ટિકોણ અથવા ફરિયાદ પદ્ધતિ કે જે સમસ્યાઓના ઉકેલ લાવવાનો માર્ગ પૂરો પાડે છે-ચાહે પ્રત્યક્ષ માનવ અધિકારોના મુદ્દાઓને તે માનવ અધિકારોનું સન્માન અને સમર્થનની રીતે લાગતા વળગતા હોય કે ન હોય.
જોખમ	જોખમ બે પરિમાણો ધરાવે છે: કારોબાર, હિસ્સેદારો અથવા પર્યાવરણ પર સંભવિત વિપરિત અસરોની શક્યતા અને જો આવું થાય તો તેના પરિણામો.
જોખમ સંચાલન	કોઇ પણ પ્રવૃત્તિ અથવા કામગીરી દ્વારા સામે આવતા જોખમની માત્રાનું પદ્ધતિસરનું મૂલ્યાંકન. ક્રમાંક અને/અથવા તેમને સ્વીકાર્ય જોખમ શરતો અથવા લક્ષ્યાંકો સાથે તુલના કરવા માટે જોખમ પૃથક્કરણના પરિણામો ઉપયોગ કરવાની પ્રક્રિયા.
સુરક્ષા	ભય, જોખમો અથવા ઇજાથી સુરક્ષિત અને મુક્ત રહેવાની સ્થિતિ.
સ્વ મૂલ્યાંકન	પોતાના સાહસો અને સવલતોનું વર્ણન કરીને અને આચરણોની સંહિતાની જરૂરિયાતો સામે પોતાની કામગીરીનું મૂલ્યાંકન કરીને સભ્યો દ્વારા હાથ ધરવામાં આવેલી આકારણી. પ્રમાણીકરણ ઓડિટ, આચરણોમાં સુધારો કરવા અને પ્રમાણીકરણ ઓડિટ દરમિયાન જરૂરી વૈકલ્પિક પૂરાવાઓને ઓળખી કાઢવા માટે સભ્યો પોતાની તૈયારી માપવા માટે સ્વ મૂલ્યાંકનનો ઉપયોગ કરી શકે છે.
સ્વ મૂલ્યાંકન વર્કબુક	સ્વ મૂલ્યાંકન હાથ ધરવા ઉપયોગમાં લેવા માટે રચવામાં આવેલી વર્કબુક.
દંભી (ખોટું)	ખોટો હીરો એ કોઇ પણ પદાર્થ અથવા પેદાશ છે જેનો ઉપયોગ હીરાની અથવા તેના કેટલાક કે દરેક ગુણધર્મોની નકલ કરવા માટે થાય છે અને આમાં પારિભાષિક શબ્દોમાં હીરાની નિર્દિષ્ટ વ્યાખ્યાને પરિપૂર્ણ ન કરતા હોય તેવી કોઇ સામગ્રીનો સમાવેશ થતો નથી.
એસઓડબ્લ્યુ	બાંયધરીની વ્યવસ્થા
હિસ્સેદાર	જે નિર્ણય પર પ્રભાવ પાડી શકે તેવા લોકો અથવા પ્રભાવિત કરી શકે તેમજ તેના દ્વારા અસર પામેલા સહિતના વ્યક્તિગત અથવા જૂથના પ્રતનિધિ એમ બેમાંથી ગમે તે એક ચોક્કસ નિર્ણયમાં રસ ધરાવતા હોય તે. હિસ્સેદારીમાં બિન સરકારી સંસ્થાઓ, સરકાર, શેરધારકો અને કામદારો તેમજ સ્થાનિક સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે.
માનક	સંસ્થાના કારોબાર અને/અથવા પેદાશ અને/અથવા સેવાઓની અખંડિતતામાં આંતરિક ભાગ તરીકે સ્વીકારી લેવામાં આવ્યા હોય તેવા આચાર, કાર્યપ્રણાલી અને પ્રક્રિયા. આ દસ્તાવેજોમાં આરજેસી વ્યવહાર સંહિતા હીરો, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ ઝવેરાત પુરવઠા શૃંખલાને સબંધિત ધોરણ છે.
સૂચવેલા કારોબાર સુધારા	વ્યવહાર સંહિતાની સબંધિત જોગવાઇઓ સાથે વ્યવસ્થાઓ, કાર્યપ્રણાલી અને પ્રવૃત્તિઓ સાથે સમાનરૂપ હોય તેવો સંજોગ, પરંતુ મૂલ્યાંકનકાર અથવા ઓડિટર પ્રવર્તમાન પ્રક્રિયાઓમાં સુધારાનો અવકાશ છે તેવુ નક્કી

	કરે છે. સૂચન કરાયેલા કારોબાર સુધારાઓ પૂર્વગ્રહ વિના આપવામાં આવે છે અને તેનું અમલીકરણ ફરજિયાત હોતુ નથી. પરિણામ સ્વરૂપે મૂલ્યાંકન સૂચન કરાયેલા કારોબાર સુધારાઓના અમલીકરણને આધારે નિર્ણય લેશે નહી.
સપ્લાયર (પુરવઠો પૂરો પાડનાર)	જેને કોઇ પણ કારોબાર સાહસ માલ અને/અથવા આંતરિક સેવા પૂરી પાડે છે અને સભ્યના હીરા, સોનું અને /અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓ પેદાશોમાં અને ઉત્પાદન માટે ઉપયોગ થાય છે.
સંશ્લેષિત	સંશ્લેષિત હીરો એ કોઇ પણ પદાર્થ અથવા પેદાશ છે કે જે માનવીના કૃત્રિમ હસ્તક્ષેપને કારણે અંશતઃ કે સંપૂર્ણપણે ક્રિસ્ટલાઇઝ્ડ અથવા રિસાયકલ્ડ હોય, તેમજ આ પારિભાષિક શબ્દકોષમાં દર્શાવેલ શબ્દ “હીરા”ની વ્યાખ્યામાં નિર્દિષ્ટ જરૂરિયાતોને પરિપૂર્ણ કરતી હોય.
કચરણો (ટેઇલીંગ્સ)	ભૂતળનો ખડક અને નુકસાનકારક પ્રવાહી કે જે ઓરની પ્રક્રિયા કરતા પેદા થાય છે.
ત્રાહિત પક્ષ	જેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું હોય તેવી વ્યક્તિ કે સંસ્થા જે, જે તે વ્યક્તિ કે સંગઠનથી સ્વતંત્ર હોય અને તે વ્યક્તિ અથવા સંગઠનમાં હિતોનો વપરાશકર્તા.
સારવાર કરેલો હીરો	સારવાર કરેલો હીરો એ કોઇ પણ પદાર્થ કે પેદાશ છે જે શબ્દ “હીરો”ની વ્યાખ્યામાં નિર્દિષ્ટ જરૂરિયાતોને પરિપૂર્ણ કરતો હોય અથવા પારિભાષિક શબ્દકોષમાં વ્યાખ્યાયિત કરાયેલી “સારવાર”ની શરતે આ પારિભાષિક શબ્દકોષમાં શબ્દ “બનાવટી” તરીકે સમાવાયેલ હોય.
સારવાર	સારવાર એટલે કોઇ પણ પ્રક્રિયા, સારવાર અથવા વિસ્તરિત ફેરફાર, જેમાં ઐતિહાસિક રીતે સ્વીકારેલ કટિંગ અને પોલિશિંગના આચરણો સિવાય હીરાના કુદરતી દેખાવ અથવા મિશ્રણમાં હસ્તક્ષેપ અને/અથવા ભ્રષ્ટ કરવામાં આવ્યો હોય. તેમાં કલર (અને કલરવિહીન) સારવાર, ફાંટ પુરણ અને લેસર અને તેજસ્વીતા સારવાર અને કોટિંગનો સમાવેશ થાય છે.
યુએનઇપી	યુનાઇટેડ નેશન્સ પર્યાવરણ કાર્યક્રમ
બિનઅંકુશિત જોખમ	ઓળખી કાઢેલા સંભવતઃ જોખમ, ઇજા અથવા નુકસાન (એટલે કે જોખમ) કે જેમાં સ્વીકૃત્ત અને/અથવા મંજૂર કરાયેલ સંચાલન, કામગીરીયુક્ત અથવા ટેકનિકલ અંકુશનો અભાવ હોય છે.
મુલાકાતી	જે તે વ્યક્તિ કે જે સભ્યની સવલતની મુલાકાત લે છે, જે કર્મચારી કે તે સવલતનો કોન્ટ્રાક્ટર નથી.
કચરો	નક્કર, પ્રવાહી અથવા ગેસયુક્ત સામગ્રી કે જેને કાઢી નાખવામાં આવી હોય અથવા અસ્તિત્વમાં ન હોય. ભંગારનું જો યોગ્ય રીતે સંચાલન કરવામાં ન આવે તો તેનાથી પ્રદૂષણ થાય છે અને પર્યાવરણ પર અસર પડી શકે છે. ઝવેરાત શૃંખલામાં ભંગારના મુખ્ય સ્વરૂપોમાં પદાર્થો, હવા, અને પાણી સ્ત્રાવ અને સામાન્ય કામગીરીયુક્ત ભંગારનો સમાવેશ થાય છે.
ખરાબ ખડક	ઓરમાં પ્રવેશવા માટે ખનન દરમિયાન દૂર કરવામાં આવેલી સામગ્રી.
ડબ્લ્યુડીસી	વર્લ્ડ ડાયમંડ કાઉન્સિલ

કામદારો	જે વ્યક્તિઓને કર્મચારી, કોન્ટ્રાક્ટર્સ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હોય તે.
કામદારોનું સંગઠન	કામદારોના હિતના પ્રોત્સાહન આપવા અને બચાવના ઉદ્દેશથી વ્યાવસાયિક હેતુ માટે રચવામાં આવેલું કામદારોનું સ્વૈચ્છિક સંગઠન.
કામકાજના કલાકો	રોજગાર પૂરો પાડનારની વ્યવસ્થા ખાતે જે સમય દરમિયાન વ્યક્તિઓને રોજગારીએ રાખવામાં આવી હોય તે. બાકીનો ગાળો એવો સમય છે જેમાં વ્યક્તિઓને રોજગારી પૂરી પાડનારાની વ્યવસ્થા ખાતે રોજગારીએ રાખવામાં આવતા નથી.
વૈશ્વિક ઐતિહાસિક સ્થળો	1972ના વૈશ્વિક ઐતિહાસિક કન્વેન્શન હેઠળ સ્થાપિત કરાયેલ સ્થળો.
ડબ્લ્યુએફસીએલ	બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો
બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો	આઇએલઓ કન્વેન્શન 182 બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે: • ગુલામીના દરેક સ્વરૂપો — બાળકોની ગેરકાયદેસર હેરફેર, ઋણ બંધન, બળજબરી અને વેઠ અને સશસ્ત્ર ઘર્ષણમાં બાળકોનો ઉપયોગ. • વેશ્યાગીરી, અશ્લીલ ફિલ્મના નિર્માણ અથવા અશ્લીલતાના હેતુ માટે બાળકોનો ઉપયોગ, તેમની પ્રાપ્તિ અથવા પૂરા પાડવા • ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ખાસ કરીને ઉત્પાદન અને ડ્રગ્સની ગેરકાયદે હેરફેરમાં બાળકોનો ઉપયોગ, તેમની પ્રાપ્તિ અથવા પૂરા પાડવા. • જે કાર્ય તેના પ્રકાર અથવા જે સંજોગો હેઠળ હાથ ધરવામાં આવ્યું હોય તે સંભવિતપણે આરોગ્ય, સુરક્ષા અથવા નૈતિકતા સામે જોખમ ઊભું કરતું હોય.